dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 119 | AD - 2026, Maha Sud - 03 | Wednesday, Dt. 04-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


ભારત પર ટેરિફ લાદવામાં આવ્યા, ત્યારે વિપક્ષે અમને કઠેડામાં મૂકવાનું અને વિવિધ પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યુ તેમ જણાવી વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા

# વૈશ્વિક સંતુલનમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ : નરેન્દ્ર મોદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે આ વેપાર સોદાની જાહેરાત કરી છે ત્યારે આજે મંગળવારે, એનડીએ સંસદીય પક્ષની બેઠક યોજાઈ હતી, જ્યાં પીએમ મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસદીય પક્ષની બેઠકને સંબોધતા, પીએમ મોદીએ યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના વેપાર કરારનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ સદીની સૌથી મોટી ઘટના તરીકે ભારતનો ઉદય એ ભારતનો કેન્દ્ર સ્થાને ઉદય છે.

પીએમ મોદીએ એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં કહ્યું, ભારતને વૈશ્વિક સ્તરે માન્યતા મળી રહી છે. વૈશ્વિક સંતુલનમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ છે. ભારત વિશ્વના કેન્દ્ર સ્થાને છે એ આ સદીની સૌથી મોટી ઘટના છે. સંસદીય પક્ષની બેઠકમાં આકરા પ્રહારો કરતા પીએમ મોદીએ કહ્યું, કેટલાક લોકો ટેરિફના નિર્ણયથી ગુસ્સે હતા. જ્યારે ભારત પર ટેરિફ લાદવામાં આવ્યો, ત્યારે વિપક્ષે અમને કઠેડામાં મૂકવાનું શરૂ કર્યું અને વિવિધ પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. પીએમે સંસદીય પક્ષની બેઠકમાં સાંસદોને ઉત્પાદકો સાથે પરિષદો યોજવા વિનંતી કરી. તેમણે સાંસદોને તેમના વિસ્તારોમાં નિકાસની તકો શોધવા, નિકાસ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી.



પીએમએ એ પણ ભાર મૂક્યો કે આપણે પથ્થરમાં રેખાઓ દોરવાની આદત છોડવી ન જોઈએ.કેરળમાં સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપની જીતનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે ગઈકાલે આપણા સાંસદ કૃત્રિમ પગ સાથે ભાષણ આપવા આવ્યા હતા કારણ કે તેમનો પગ કાપી નાખવામાં આવ્યો હતો. લોકશાહીમાં આ પાપ છે. પીએમએ કહ્યું કે આપણે જ્યાં છીએ ત્યાં આપણી તાકાતને કારણે નહીં પરંતુ આપણા કાર્યકરોની મહેનતને કારણે છીએ. પીએમ મોદી રાજ્યસભામાં ભાજપના સાંસદ સી. સદાનંદન માસ્ટરનો ઉલ્લેખ કરી રહ્યા હતા. તેમણે સોમવારે ગૃહમાં ટેબલ પર પોતાનો કૃત્રિમ પગ રાખીને ભાષણ આપ્યું હતું અને તેમના પર થયેલા હુમલાનો ઉલ્લેખ કર્યો હતો.

મોદીએ એનડીએ સાંસદોની બેઠકની અધ્યક્ષતા કરી. તેમણે એનડીએ સાંસદોને ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠકમાં એનડીએ નેતાઓને જણાવ્યું કે ગઠબંધન તેની લોકલક્ષી નીતિઓ અને સખત મહેનતને કારણે વિવિધ ચૂંટણીઓ જીતી રહ્યું છે. એનડીએ સંસદીય પક્ષની બેઠક પછી સંસદીય બાબતોના પ્રધાન કિરન રિજુજીએ પત્રકારો સાથે માહિતી શેર કરી. તેમણે કહ્યું કે વડા પ્રધાન મોદીએ એનડીએ સાંસદોને એમ પણ કહ્યું હતું કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સહિત વિવિધ ચૂંટણીઓમાં તેમની જીતથી સંતુષ્ટ ન થવું જોઈએ, પરંતુ તેમનું સારું કાર્ય ચાલુ રાખવું જોઈએ. બેઠકમાં,એનડીએ નેતાઓએ ૩૯ દેશો સાથે વેપાર કરાર સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ મોદીનું સન્માન કર્યું. કિરેન રિજુજીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ભારત વચ્ચે વેપાર કરાર અને ટેરિફમાં ઘટાડા પર કરારથી સમગ્ર દેશમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. તેમણે કહ્યું, ×સાંસદો ઉત્સાહિત છે કે આ વેપાર કરારો વડા પ્રધાનના નેતૃત્વ હેઠળ થયા છે. કુલ ૩૯ દેશો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ઐતિહાસિક છે. બધા ૩૯ દેશો વિકસિત છે. દેશમાં ખૂબ જ સકારાત્મક વાતાવરણ છે. નવચૂંટાયેલા ભાજપ પ્રમુખ નીતિન નવીનનું પણ બેઠકમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું.ભાજપ,ટીડીપી, જદયુ એલજેપી આર),શિવસેના, જેડીએસ અને અન્ય એનડીએ ઘટક પક્ષોના સાંસદોએ બેઠકમાં હાજરી આપી હતી.

# ભારતમાં હેલિકોપ્ટર ઉત્પાદન સબંધિત અદાણી અને ઈટાલિયન કંપની વચ્ચે કરાર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૩

અદાણી ગ્રુપ અને અગ્રણી ઈટાલિયન એરોસ્પેસ અને સંરક્ષણ કંપની લિયોનાર્ડોએ મંગળવારે ભારતમાં એક સંકલિત હેલિકોપ્ટર ઉત્પાદન ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી. મેક ઇન ઈન્ડિયા પહેલને મજબૂત બનાવવા અને હેલિકોપ્ટર ઉત્પાદનમાં ભારતની આત્મનિર્ભરતા વધારવા માટે આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ ભાગીદારી હેઠળ, રાજધાની દિલ્હીમાં આયોજિત



એક કાર્યક્રમમાં અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને લિયોનાર્ડો વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રસ્તાવિત ઉત્પાદન ઈકોસિસ્ટમ ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, ખાસ કરીને લિયોનાર્ડોના અદ્યતન AW169M અને AW109 ટ્રેકર્સ લશ્કરી હેલિકોપ્ટર માટે.

કંપનીઓ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, આ સહયોગમાં તબક્કાવાર સ્વદેશીકરણ, મજબૂત જાળવણી, સમારકામ અને ઓવરહોલ ક્ષમતાઓનો વિકાસ, તેમજ વ્યાપક પાઈલટ તાલીમનો સમાવેશ થશે. આ સંરક્ષણ ક્ષેત્ર અને નાગરિક ઉડ્ડયન બંનેમાં સ્થાનિક ક્ષમતાઓને વેગ આપશે.

ભારતમાં હેલિકોપ્ટરની ઉપલબ્ધતા હાલમાં ખૂબ ઓછી છે. દેશની વસ્તી દીઠ હેલિકોપ્ટર ઘનતા ૨૫૦ કરતા ઓછી છે, જ્યારે ભારતને આગામી ૧૦ વર્ષમાં વાર્ષિક આશરે ૧૦૦ નવા હેલિકોપ્ટરની જરૂર પડશે તેવો અંદાજ છે.

# દહેરાદૂનમાં બસ ખાઈમાં પડતા ૪ લોકોના મોત, અનેક શ્રધ્ધાળુઓ ઘાયલ

**પોલીસે ઘટનાસ્થળે પહોંચી બચાવ કાર્ય શરૂ કર્યુ**

દહેરાદૂન,તા.૦૩

દેહરાદૂનમાં હિમાચલ પ્રદેશની HRTC બસ ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૪ મુસાફરોના મોત થયા. જ્યારે ૩૫થી વધુ લોકો ઘાયલ છે, જેમાંથી ૫ની હાલત ગંભીર છે. મૃતકોમાં બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. SDRFએ મૃતદેહોને



બહાર કાઢ્યા છે.

અકસ્માત ત્યુણી વિસ્તારમાં થયો. સવારે લગભગ ૧૦ વાગ્યે હિમાચલ પ્રદેશના નેરવા-ચૌપાલથી પાંવટા સાહિબ જઈ રહેલી HRTC ની બસ હરિપુર-ક્વાનુ મીનસ માર્ગ પર ક્વાનુ પાસે બેકાબુ થઈને ઊંડી ખીણમાં પડી ગઈ હતી. અકસ્માત થતા જ ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ અને ગ્રામજનોએ તેની જાણ પોલીસને કરી. અકસ્માતની જાણ થતા જ પોલીસ અને બચાવ દળ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત તથા બચાવ કાર્ય શરૂ કર્યું. ઘાયલોને બચાવીને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. સેનાનાયક અર્પણ યાદવંશીના આદેશ અનુસાર, SDRFની ટીમો પોસ્ટ ડાકપથ્થર, ચકરાતા, મોરી અને ત્યુણીથી તાત્કાલિક ઘટનાસ્થળ માટે રવાના કરવામાં આવી હતી.

વીજળી ચોરી રોકી બીલની વસુલાત કરવા અજય બંગાની તાકિદ

# પાકિસ્તાન એવુ ન સમજે મદદ મફતમાં કરવામાં આવી રહી છે : વર્લ્ડ બેંક ચેરમેન

ઈસ્લામાબાદ,તા.૦૩

વર્લ્ડ બેંકના ચેરમેન અજય પાલ સિંહ બંગા ૪ દિવસના પાકિસ્તાન પ્રવાસે છે. ઈસ્લામાબાદમાં તેમણે વડાપ્રધાન શાહબાઝ શરીફ અને નાણા મંત્રી મુહમ્મદ ઔરંગઝેબ સાથે મુલાકાત કરી. જેમાં પાકિસ્તાનને ૧૦ વર્ષમાં ૨૦ અબજ ડોલર આપવાનો રોડમેપ તૈયાર કર્યો.બંગાએ મંત્રીઓને કહ્યું કે પાકિસ્તાન દેવું તો કરી રહ્યું છે, પરંતુ એવું ન સમજે કે મદદ મફતમાં કરવામાં આવી રહી છે. તમે તમારા



દેશમાં ભ્રષ્ટાચાર અને ટેક્સ ચોરી રોકો. જો સુધારા નહીં કરવામાં આવે તો આવનારા વર્ષોમાં કોઈ દેવું નહીં મળે. આ ઉપરાંત, બંગાએ આધાર અને ડિજિટલ પેમેન્ટનો પણ ઉલ્લેખ કર્યો. જોકે તેમણે ભારતનું નામ લીધું ન હતું. એવું માનવામાં આવી રહ્યું છે કે તેમણે પાકિસ્તાનને ભારત પાસેથી શીખવાની સલાહ આપી હતી. બંગાએ ગુરુદ્વારા પંજા સાહિબમાં માથું ટેકવ્યું હતું.વર્લ્ડ બેંક પાકિસ્તાનને મદદ કરવા તૈયાર છે. પરંતુ પૈસા ત્યારે જ આવશે જ્યારે જમીન પર પરિણામો દેખાશે. પાકિસ્તાન ફક્ત દેવાના ભરોસે ચાલી શકે નહીં. તેણે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ એટલે કે FDI માટે પોતાના દેશનું વાતાવરણ સુધારવું પડશે. આર્થિક સુધારા કરવા પડશે. નાણા મંત્રી મુહમ્મદ ઔરંગઝેબ સાથેની ચર્ચામાં બંગાએ દેવાના ટેકનિકલ પાસાઓ અને ભવિષ્યના પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી. બંગાએ કન્ટ્રી પાર્ટનરશિપ ફ્રેમવર્કની પુષ્ટિ કરી, જેના હેઠળ પાકિસ્તાનને ૧૦ વર્ષમાં ૨૦ અબજ ડોલર મળશે. આખી દુનિયાએ ડિજિટલ પેમેન્ટ અપનાવ્યું: એક દેશે પોતાના દેશમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને આધારથી ટેક્સ ચોરી રોકી છે. તેના ડિજિટલ પેમેન્ટના ફોર્મ્યુલાને આખી દુનિયા અપનાવી રહી છે. તેમણે પાકિસ્તાનને પોતાનું ટેક્સ નેટવર્ક ડિજિટલ કરવાની પણ સલાહ આપી. વીજળી ચોરી રોકો, ૩ મુદ્દાઓ પર પાકિસ્તાની મંત્રીઓ સાથે વાત કરી. બંગાએ કહ્યું કે પાકિસ્તાનનુ એનર્જી સેક્ટર સંકટમાં છે. વિશ્વ બેંકના પૈસા તે નુકસાન કરતી કંપનીઓને બચાવવા માટે નથી, જે વીજળી ચોરી રોકી શકતી નથી. વીજળી બિલની વસૂલાત કરો અને સબસિડી ખતમ કરો.

# તમે અમારા બંધારણનું પાલન કરી ન શકતા હોય તો ચાલતી પકડો : મેટા કંપનીને સુપ્રિમની ફટકાર

ન્યૂ દિલ્હી,તા.૦૩

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ તથા તેની પેરેન્ટ કંપની મેટાની ઝાટકણી કાઢી છે. ૨૦૨૧ની પ્રાઈવસી પોલિસી મામલે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી થઈ. જેમાં કેન્દ્ર સરકાર તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલે દલીલ કરી કે વોટ્સેપની પ્રાઈવસી પોલિસી શોષણકારી છે. વોટ્સએપ યુઝરનો ડેટા શેર કરે છે અને તેનો ઉપયોગ કરી



કમાણી પણ કરે છે.

આ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા કંપની મેટા (Meta) અને તેની મેસેજિંગ એપ વોટ્સએપ (WhatsApp) વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કડક શબ્દોમાં મેટા અને વોટ્સએપને ફટકાર લગાવતા કહ્યું કે, જો તમે અમારા બંધારણનું પાલન ન કરી શકતા હોવ તો ભારત છોડીને ચાલતી પકડો. અમે ભારતના કોઈ પણ નાગરિકની પ્રાઈવસી જોખમમાં ના મૂકી શકીએ. કોઈ વૃદ્ધ મહિલા, રસ્તા કિનારે વેપાર કરતી વ્યક્તિ કે પછી માત્ર તમિલ આવડતું હોય તેવા લોકો તમારી પોલિસી કેવી રીતે સમજી શકે?






# સોનમ વાંગચૂક લદ્દાખને નેપાળ કે બાંગ્લાદેશ બનાવવા માંગતા હતા : કેન્દ્ર

ન્યૂ દિલ્હી,તા.૦૩

કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે સોનમ વાંગચુક લદ્દાખને નેપાળ કે બાંગ્લાદેશ જેવું બનાવવા માંગે છે. આવા વ્યક્તિને વધુ ઝેર ઓકવાની પરવાનગી આપી શકાય નહીં. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેની બેન્ચ લદ્દાખ હિંસા કેસમાં એક્ટિવિસ્ટ વાંગચુકની ધરપકડ વિરુદ્ધની અરજી પર સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું,કે નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા ઉદાહરણો આપવા, યુવાનોને ભડકાવવા અને દેશની એકતા વિરુદ્ધ માહોલ બનાવવા બરાબર છે. આ રાષ્ટ્રીય સુરક્ષા માટે પૂરતો આધાર છે. કેસની સુનાવણી હવે મંગળવારે બપોરે ૨ વાગ્યે ફરી થશે. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ લેહમાં થયેલી હિંસા ભડકાવવાના આરોપમાં ૨૬ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ વાંગચુકને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે.




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૪-૦૨-૨૦૨૬

# અમરેલી સહિત ૧૬ નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓની તાલીમ યોજાઈ

**તાલીમમાં અંદાજે ૭૬૦ જેટલા ઈજનેરી અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો**

અમરેલી,તા.૦૩

ભાવનગર અને અમરેલી જિલ્લાની ૧૬ નગરપાલિકાઓ તેમજ ભાવનગર મહાનગરપાલિકાના ઈજનેરી અધિકારીઓ અને કર્મચારીઓ માટે સર્વાંગી તકનિકી ક્ષમતાવર્ધન તાલીમ શ્રેણી સફળતાપૂર્વક યોજાઈ હતી. શહેર વિકાસ કાર્યો વધુ ગુણવત્તાયુક્ત, પારદર્શક અને અસરકારક બને તે હેતુથી આ તાલીમ કાર્યક્રમ અમલમાં મૂકાયો હતો. આ કાર્યક્રમ ભાવનગર મ્યુનિસિપલ કમિશનર ડૉ. એન.કે. મીણા તથા પ્રાદેશિક કમિશનર (નગરપાલિકાઓ), ભાવનગર ઝોન ધવલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ભાવનગર મહાનગરપાલિકા અને પ્રાદેશિક કમિશનર કચેરીના



સંયુક્ત ઉપક્રમે આયોજિત થયો હતો. તાલીમનું આયોજન ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સરદારનગર સ્થિત ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમ ખાતે વિવિધ તબક્કામાં યોજાયેલી આ તાલીમમાં અંદાજે ૭૬૦ જેટલા ઈજનેરી અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન અંદાજપત્ર તૈયારી, ટેન્ડર પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ (QC), સાઈટ સુપરવિઝન, પેવમેન્ટ ડિઝાઈન (ફ્લેક્સિબલ/રિજિડ), વ્હાઈટ ટોપિંગ, ક્લાઈમેટ રિઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ પબ્લિક ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ જેવા મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા હતા. નિષ્ણાત પ્રોફેસરો દ્વારા પ્રાયોગિક ઉદાહરણો અને કેસ સ્ટડી આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રાજુલાના યુવાનનો ગૂમ થયેલો મોબાઈલ પરત અપાવતી પોલીસ

અમરેલી, તા.૦૩

રાજુલાના રહેવાસી મિલનભાઈ રાઘવભાઈ કાછડે રાજુલા પોલીસ સ્ટેશનમાં આવીને જાણ કરી હતી કે તેમનો વીવો કંપનીનો મોબાઈલ ફોન રાજુલા બસ સ્ટેશન આસપાસ ક્યાંક પડી ગયો હતો અને શોધવા છતાં મળ્યો ન હતો. પોલીસને તપાસ દરમિયાન, અરજદારનો વીવો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે અરજદારને પોલીસ સ્ટેશન બોલાવી, મોબાઈલની ચકાસણી કર્યા બાદ તેના મૂળ માલિકને પરત કર્યો હતો. આ




રીતે, "તેરા તુજકો અર્પણ" સૂત્રને સાર્થક કરવામાં આવ્યું હતું.

# કેન્દ્રીય બજેટ ૨૦૨૬ને આવકારતા યુવા નેતા મનીષ સંઘાણી : મધ્યમ વર્ગ અને ખેડૂતલક્ષી બજેટ ગણાવ્યું

અમરેલી,તા.૦૩

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬ના બજેટને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીએ આવકાર્યું છે. તેમણે આ બજેટને મધ્યમ વર્ગ અને ખેડૂતોના હિતમાં ગણાવ્યું હતું. મનીષ સંઘાણીએ બજેટની મહત્વની બાબતો વિશે જણાવતા કહ્યું હતુ કે,



કિસાન ક્રેડિટ કાર્ડ લોન યોજનાની મર્યાદા ૩ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવી છે જે ખેડૂતો માટે ખૂબ લાભદાયી છે. આ ઉપરાંત નાળિયેરની ખેતી માટે પ્રોત્સાહન યોજના, ૫૦૦ જળાશયો એકત્રિત કરી મત્સ્ય ઉદ્યોગને મજબૂત કરવા અને પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના ૧૦૦ જિલ્લા સુધી પહોંચાડવાના નિર્ણયો લેવાયા છે. સહકારી ક્ષેત્રે મહત્વની જાહેરાતો અંગે તેમણે જણાવ્યું કે, સહકારી મંડળીઓમાં સભ્યો દ્વારા ઉગાડવામાં આવતા તેલીબીયા, ફળો, શાકભાજી અને દૂધના પુરવઠામાં મંડળીઓને કપાતની મંજૂરી આપવામાં આવી છે. તેમજ નવી કર વ્યવસ્થા હેઠળ આંતર-સહકારી મંડળીમાંથી મળતી ડિવિડન્ડ આવક જો સભ્યોને વિતરિત કરાય તો તેને કપાત તરીકે મંજૂરી અને ૩ વર્ષ માટે મુક્તિનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે.

# સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય નાણામંત્રીએ રજૂ કરેલા બજેટને આવકાર્યું

અમરેલી,તા.૦૪

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલ વર્ષ ૨૦૨૬-૨૭ના કેન્દ્રીય બજેટને ઉમળકાભેર વધાવ્યું છે. તેમણે આ બજેટને 'વિશ્વાસ સાથે વિકાસલક્ષી' ગણાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી



અને નાણામંત્રીનો આભાર માન્યો હતો. કાછડીયાએ જણાવ્યું કે, બજેટમાં આર્થિક ગતિશીલતા, સામાન્ય જનતાની આકાંક્ષાઓની પૂર્તિ અને દરેક પરિવાર સુધી સુવિધાઓ પહોંચાડવા પર વિશેષ ભાર મૂકાયો છે. ખાસ કરીને ૧૭ કેન્સર વિરોધી દવાઓને કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ, દરેક જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ, ૮ હાઈસ્પીડ રેલવે કોરિડોર અને ખેલો ઈન્ડિયા મિશન જેવી જોગવાઈઓને તેમણે ઐતિહાસિક ગણાવી છે. બાયો ફાર્મા શક્તિ અને આઈએસએમ ૨.૦ જેવી યોજનાઓ દ્વારા સરકારે મહિલાઓ, ખેડૂતો અને છેવાડાના માનવીના સર્વાંગી ઉત્કર્ષ માટે મજબૂત પાયો નાખ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલની બાળાઓ ત્રણ દિવસની પ્રકૃતિ શિબીર માટે સાસણની મુલાકાતે

બગસરા,તા.૦૩

બગસરા મેઘાણી હાઈસ્કૂલ ધો.૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ ત્રણ દિવસ સુધી વન-પર્યાવરણ શિબીર માટે સાસણ ગીરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત સમયે બાળાઓને વન કર્મચારીઓ દ્વારા વાર્તા, તેમજ પર્યાવરણનું આપણા જીવનમાં શું મહત્વ છે તે અંગે સમજણ આપાઈ હતી. બાળાઓએ


તસવીર : મયુર પંડયા

ત્રણ દિવસમાં ટ્રેકિંગની સાથે દેવળીયા પાર્કની મુલાકાત લઈ વન્યપ્રાણીઓને નજીકથી નિહાળ્યા હતા.બાળાઓની સાથે મેઘાણી હાઈસ્કૂલના ઈલાબેન ગાવિત અને ક્રિનાબેન ભાલાળા પણ જોડાયા હતા. બાળાઓ માટે સાસણ ગીરની શિબીર યાદગાર બની રહી હતી.

# લીલીયા મોટામાં 'નલ સે જલ' યોજનાના હાઉસ કનેક્શન કામગીરીનું ખાતમુહૂર્ત

લીલીયા,તા.૦૩

લીલીયા મોટા ખાતે છેલ્લા બે વર્ષથી રાજકીય ગજગ્રાહના કારણે ટલ્લે ચડેલી 'નલ સે જલ' યોજના અંતર્ગત હાઉસ કનેક્શનની કામગીરીનું ૨/૨/૨૦૨૬ના સવારે ૧૦:૩૦ કલાકે પટેલ વાડી નજીક ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નાનકડી કુમારીકા ભગીરથી અજયભાઈ વિરાણીના વરદ હસ્તે સંપન્ન થયો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં જ કરોડો રૂપિયાના ખર્ચે મશીનરી, વીજ કનેક્શન અને



શહેરના ૧૬ વોર્ડમાં ૩૨ કિ.મી. પાઈપલાઈનની કામગીરી પૂર્ણ થઈ ગઈ હતી. જેમાં ઝોન-૧માં ૩૩ લાખ લિટરનો સંપ અને ૫ લાખ લિટરની ટાંકી, ઝોન-૨માં ૫.૫ લાખ લિટરની ટાંકી અને ઝોન-૩માં ૬.૫ લાખ લિટરની ટાંકી બનાવવામાં આવી હતી. જોકે, રાજકીય ખેંચતાણ અને ગ્રામ પંચાયત દ્વારા હાઉસ કનેક્શનની ૧૦% રકમ સમયસર જમા ન કરાવતા કામગીરી અટકી પડી હતી. આ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા ગ્રામસભાઓ અને આવેદન પત્રો અપાયા હતા અને કોંગ્રેસ દ્વારા આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ભૂમિ પૂજન પ્રસંગે ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયા, પૂર્વ સરપંચ જીવનભાઈ વોરા, આમ આદમી પાર્ટી પ્રમુખ વિજયભાઈ વિરાણી, રાજુભાઈ ગરાણીયા અને પાણી સમિતિના સભ્યો હાજર રહ્યા હતા. જોકે, શાસક પક્ષના એક પણ પદાધિકારી હાજર ન રહેતા લોકોમાં અનેક સવાલો ઉઠ્યા છે. આ પ્રસંગે ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાએ જણાવ્યું હતું કે, આ કામગીરી શરૂ થતા ૨૭૦૦ જેટલા પરિવારને મહી પરી યોજનાનું મીઠું પાણી મળશે. પૂર્વ સરપંચ જીવનભાઈ વોરાએ જણાવ્યું કે સરકારી પ્રક્રિયાના કારણે થયેલ વિલંબ બાદ હવે યોજના શરૂ થતા લોકોની સુખાકારી વધશે.

**મારા પિતાજીના દારૂ અંગેના વીડિયો કેમ ઉતારે છે કહી**

# બાબરાના કરિયાણા ગામે મૈત્રી કરાર બાદ યુવતીની માતાને ગાળો આપી ઢીકાપાટુ માર્યા

બાબરા, તા.૦૩

બાબરા તાલુકાના કરિયાણા ગામે કૌટુંબિક અને મૈત્રી કરારના વિવાદમાં એક આધેડ પર જીવલેણ હુમલો થયો હોવાની ઘટના સામે આવી હતી. દીકરીએ ગામના જ એક યુવક સાથે મૈત્રી કરાર કર્યા બાદ, વીડિયો ઉતારવાની બાબતે થયેલી બોલાચાલીમાં ચાર શખ્સોએ ભેગા મળીને ફરિયાદીને બેરહેમ માર માર્યો હતો. કૈલાસબેન અશોકભાઈ જતાપરા (ઉ.વ.૪૦) એ તેમના જ ગામના રવિભાઈ લાલજીભાઈ રાઠોડ, ધ્રુવિબેન અશોકભાઈ જતાપરા, સંજયભાઈ લાલજીભાઈ રાઠોડ તથા આકાશભાઈ મુન્નાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.મળતી માહિતી મુજબ, તેમની દીકરીએ કરિયાણા ગામના જ રવિભાઈ રાઠોડ સાથે મૈત્રી કરાર કર્યા હતા. આ દરમિયાન, "તું મારા પિતાના દારૂ પીતા હોય તેવા વીડિયો કેમ ઉતારે છે?" તેમ કહી આરોપીએ ઝઘડો શરૂ કર્યો હતો.

જોતજોતામાં મામલો બિચક્યો હતો અને આરોપીઓએ ફતેમના પર હુમલો કરી દીધો હતો. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીએ તેમના માથાના પાછળના ભાગે લાકડાના ધોકાનો જીવલેણ ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ સાથે જ અન્ય આરોપીઓએ પણ તેમને અતિશય બીભત્સ ગાળો આપી, ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. ચારેય શખ્સોએ ભેગા મળીને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.બાબરા પોલીસે આ મામલે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ગામમાં આ ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય.એચ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.અતુબેન નાનજીભાઈ રાઠોડ (ઉં.વ.૯૫)નું તા.૦૧/૦૨/૨૬ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે જીવણભાઈ નાનજીભાઈ રાઠોડ તથા સ્વ.પ્રેમજીભાઈ નાનજીભાઈ રાઠોડ તથા વેલજીભાઈ નાનજીભાઈ રાઠોડ તથા નરેન્દ્રભાઈ નાનજીભાઈ રાઠોડના માતૃશ્રી થાય છે. તેમનું સદગત નું બેસણું તા.૫/૨/૨૬ ને ગુરુવાર ના રોજ સવારે ૯ થી બપોર ના ૧૨ કલાકે અમારા નિવાસસ્થાને વિંઝુડા વાસ રેલવે સ્ટેશન રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.





ચાલો ફતેપુર.....
ચાલો ભોજલધામ.....
ચાલો ફતેપુર



આજથી શરૂ થતા ત્રિદિવસીય ભોજલધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા ભાવિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે

:: શુભેચ્છક ::

પ્રફુલભાઈ બાટવીયા - રઘુવંશી પત્રીકા
યોગેશ ઠાકર - આજકાલ રીપોર્ટર
પ્રદિપ ઠાકર - અબતક રીપોર્ટર
ઘનશ્યામ સાવલીયા - ન્યૂઝ રીપોર્ટર
પિ.એમ. સેજલીયા - પૂર્વ જિ.ખ.વે.સં.મેનેજર
વિઠલભાઈ તારપરા - તા.સં.એમ.ડી.
દિનેશભાઈ સાવલીયા - નગરપાલિકા હેડ કલાર્ક
ધર્મેન્દ્ર સાવલીયા - કામધેનુ યુનવિર્સિટીલેબ
જયસુખભાઈ કસવાલા - ખેડૂત અગ્રણી મોટા ભંડારીયા
રમેશભાઈ સાંગાણી - પૂર્વ સરપંચ (રાજસ્થળી)
ડી.કે. રૈયાણી - લે.પ.સ. પ્રમુખ

ભરતભાઈ સુતરીયા - સાસંદ અમરેલી
પરેશભાઈ ધાનાણી - પૂર્વ વિરોધપક્ષ નેતા
અશ્વિનભાઈ સાવલીયા - અમરડેરી ચેરમેન
પ્રતાપભાઈ દુધાત - જિલ્લા કોંગ્રેસ પ્રમુખ
મનિષભાઈ ભંડેરી - પૂર્વ તાલુકા કોંગ્રેસ પ્રમુખ
નાનજીભાઈ મોવલીયા - ભાજપ અગ્રણી
પ્રવિણભાઈ માંગરોળીયા - અ.જિ.પં.બાં. સમિતિ ચેરમેન
વિપુલભાઈ પોકિયા - તાલુકા કોંગ્રેસ પ્રમુખ
ઘનશ્યામભાઈ ગઢીયા - સરપંચ (ચાપાથળ)
પ્રવિણભાઈ કમાણી - પૂર્વ સરપંચ (સાંગાડેરી)
કાળુભાઈ પાનસુરિયા - પૂર્વ નગરપાલિકા પ્રમુખ

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**મતદાર યાદીમાંથી ૧૧૩૫ નામ કમીની અરજીથી રાજકિય ખળભળાટ, કોના ઈશારે નામ કમી થયા? તપાસની માંગ**

# બગસરા મામલતદાર કચેરી ખાતે અરજદારોનો ઘસારો

બગસરા,તા.૦૩

બગસરા તાલુકાની મતદાર યાદી માંથી ૧૧૩૫ નામ કમી કરવા માટે ખોટી અરજીઓ કરવાની થયેલ ફરિયાદને પગલે આજે બગસરા મામલતદાર કચેરી ખાતે અરજદારો પોતે આવી કોઈ અરજીઓ કરેલ નથી તેવા નિવેદનો સાથે આવ્યા હતા અને મામલતદાર પાસે ખોટી અરજીઓ કરનાર સામે પગલાં લેવા માંગણી કરેલ છે. બગસરા તાલુકામાં રાજકીય દ્વેષ ભાવનાના ભાગરૂપે અમુક રાજકીય પદાધિકારીઓ દ્વારા ખોટી રીતે ચૂંટણી કાર્ડ મંગાવી તેમનો દુરુપયોગ કરી મતદાર યાદી માંથી ૧૧૩૫ નામ કમી કરવા માટે અરજીઓ કરેલ હતી, જે આગેવાનોના ધ્યાને આવતા વાત વાયુ વેગે મતદારો સુધી પહોંચી ગઈ હતી. પોતાના નામની ખોટી અરજીઓ થયેલ હોય અરજદારો પણ મામલતદાર કચેરીએ દોડી આવ્યા હતા. તેમજ આવી ખોટી અરજી કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે મામલતદાર પાસે માગણી કરી હતી. જોકે આ બાબતે મામલતદાર દ્વારા કોઈપણ પ્રકારનો પ્રત્યુતર આપવાને બદલે અમે ખોટી અરજીઓ હશે તો તપાસ કરાવીશું તેવો નીરસ પ્રત્યુતર પાઠવ્યો હતો. ખોટી અરજીઓ કરી રાજકીય રીતે ખટરાગ ઉત્પન્ન કરવામાં ભાગ ભજવનાર તત્વોને ખુલ્લા પાડવામાં આવે તેવી કેતન રમેશભાઈ સાંગાણી, રમેશભાઈ રાદડિયા તેમજ કિશોરભાઈ માથાસુરીયા તેમજ અન્ય અરજદાર દ્વારા માંગણી કરેલ છે. અત્રે નોંધનીય છે કે મતદારોના નામ કમી કરવાની ઘટનાઓ સમગ્ર જિલ્લામાં બની રહી છે ત્યારે અચાનક જ ગ્રામ્ય પંથકના મતદારોની ખોટી અરજીઓ કરી તેઓના નામ રદ કરવા માટે કોનો દોરી સંચાર છે તે બાબતની યોગ્ય તપાસ કરવામાં આવે તે જરૂરી છે.





તસવીર : હાર્દિક બામટા

**મામલતદારનો અરજદારોને નિરસ જવાબ, અરજદારોની માંગ જવાબદારો સામે પગલા ભરો**

### શહેર-તાલુકા ભાજપ દ્વારા નામ કમી કરવામાં આવ્યા : રમેશ સતાસીયા

બગસરાતાલુકામાંથી૧૧૩૫નામકમીકરવામાટેઆપઆગેવાનરમેશસતાસીયાએ બગસરા શહેર-તાલુકા ભાજપના આગેવાનોનો હાથ હોવાનું જણાવ્યું છે. આ કાર્યવાહી તાલુકા ભાજપના કાર્યાલયમાં જ થઈ છે અને કઈ તારીખે થઈ છે તેના સીસીટીવી તપાસવાની પણ માંગ કરવામાં આવી છે.

### નામ કમી બાબતે વાહિયાત આક્ષેપો : પ્રદિપ ભાખર

આઅંગેબગસરાતાલુકાપ્રમુખપ્રદિપભાખરેજણાવ્યુંહતુંકે, કોઈમતદારોનાનામકમી કરવામાંઆવ્યાનથી.જોઆબાબતેઓનલાઈનનામતપાસવાહોયતોપણભાજપનીતૈયારી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતી હોવાથી આપ દ્વારા ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે.

### શહેર ભાજપના આગેવાનોને બદનામ કરવાનું કાવતરૂ : ઘનશ્યામ સાદરાણી

આમ આદમી પાર્ટીના રમેશ સતાસીયાએ બગસરા તાલુકા અને શહેર ભાજપના આગેવાનો હોવાનોઆક્ષેપકરતારાજકારણમાંખળભળાટમચીગયોછે.આઅંગેશહેરભાજપપ્રમુખઘનશ્યામ સાદરાણીએ જણાવ્યું હતું કે, કોઈપણ લોકો પાસેથી ભાજપ આગેવાનો દ્વારા ચૂંટણીકાર્ડ લેવામાં આવ્યા નથી. આપ દ્વારા રાજકિય રોટલા શેકી ભાજપ આગેવાનોને બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

# લાઠીમાં નગરપાલિકાના રૂ. ૫૦ લાખના વિકાસના વિવિધ કામોનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

લાઠી,તા.૦૩

લાઠીમાં નગરપાલિકા દ્વારા અંદાજિત રૂ. ૫૦ લાખના ખર્ચે સુવિધાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિકાસ કામોમાં શહેરના વિવિધ વિસ્તારોમાં પેવરિંગ બ્લોક રોડ, કોમ્યુનિટી હૉલ, સ્નાનઘાટ તેમજ અન્ય પાયાની સુવિધાઓનો સમાવેશ થાય છે. આ તકે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, લાઠી શહેરના વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શહેરના દરેક વિસ્તાર સુધી વિકાસની સુવિધાઓ પહોંચે તે સરકારની પ્રાથમિકતા છે. વિકાસ કામોમાં ગુણવત્તા અને સમયમર્યાદાનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ ભુવા, નગરપાલિકાના પ્રમુખ, ચેરમેન, શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી, પાલિકાના સદસ્યો, આગેવાનો, કાર્યતાઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



# સા.કુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે 'રોડ સેફ્ટી' કાર્યક્રમ: ૬૦ વાહનો પર વિનામૂલ્યે રેડિયમ પટ્ટા લગાવાયા

સાવરકુંડલા, તા.૦૩

'શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન' ના ઉમદા હેતુ સાથે અમરેલી જિલ્લામાં ચાલી રહેલા 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૬' અંતર્ગત સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા ટ્રાફિક પોલીસ અને એ.આર.ટી.ઓ. અમરેલીના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં વાહન સુરક્ષા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ અભિયાન હેઠળ અકસ્માતો રોકવાના ભાગરૂપે ૬૦ જેટલા ટ્રેક્ટર, ટ્રેલર અને છકડા જેવા વાહનો પર વિનામૂલ્યે પીળા અને લાલ રેડિયમ પટ્ટા લગાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગામડાના અંધારિયા રસ્તાઓ પર લાઈટ વગરના ટ્રેલર કે છકડા પાછળથી આવતા વાહનોને ન દેખાવાને કારણે અકસ્માતની ભીતિ રહે છે, જેમાં આ રેડિયમ પટ્ટા સુરક્ષા કવચ બની રહેશે. આ તકે વાહનચાલકોને માર્ગ સલામતીના નિયમોનું ચુસ્ત પાલન કરવા પણ અનુરોધ કરાયો હતો.



# જામબરાવાળાની શાળામાં ગુડ ટચ-બેડ ટચની પોલીસે સમજણ આપી

અમરેલી,તા.૦૩

બાબરા તાલુકાના જામબરવાળા ગામે આવેલી વી.એન. પટેલ કલ્યાણ વિદ્યાલય ખાતે બાબરા પોલીસ સ્ટેશન દ્વારા 'સુરક્ષા સેતુ' પ્રોજેક્ટ અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સુરક્ષા અને સ્વ-બચાવ અંગે સજાગ કરવાનો હતો. આ પ્રસંગે બાબરાના પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને અત્યંત સંવેદનશીલ વિષય 'ગુડ ટચ - બેડ ટચ' (સ્પર્શની સમજ) વિશે વિસ્તૃત અને સરળ શૈલીમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક જાગૃતિ લાવવા માટે એક વિશેષ શોર્ટ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ ફિલ્મ દ્વારા કયો સ્પર્શ સુરક્ષિત છે અને કયો અસુરક્ષિત, તે અંગે સમજણ આપી મુશ્કેલ સમયમાં પોલીસની મદદ કેવી રીતે લેવી તે વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.



# લીલીયામાં પોલીસે ખોવાયેલી સોનાની વીંટી શોધીને માલિકને પરત કરી

**માલીકે લીલીયા પોલીસની કામગીરીને વખાણી આભાર માન્યો**

લીલીયા મોટા,તા.૦૩

લીલીયા મોટાના રહેવાસી માવજીભાઈ રવજીભાઈ લહેરી (ઉ.વ.૮૭ ધંધો. નિવૃત ખેતીવાડી અધિકારી)ની ૧૦ ગ્રામની સોનાની વીંટી તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ પોતાના ઘરની બહાર શેરીમાં સફાઈ કરતા હોય તે દરમિયાન હાથમાંથી પડી જતા ગુમ થયેલ હતી.

આ વીંટી અંદાજિત કિંમત રૂ.૧,૫૦,૦૦૦ હતી. આ અંગે તેમણે પોલીસમાં જાણ કરી હતી. પોલીસ ટીમે તપાસ હાથ ધરીને સોનાની વીંટી શોધીને મૂળ માલિકને પરત કરી હતી. આથી માવજીભાઈ લહેરી દ્વારા લીલીયા પોલીસ સ્ટેશનના પી. આઈ એમ. ડી. સાળુંકે અને ટીમનો આભાર વ્યક્ત કરેલ હતો.














## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૧૪/૨૦૨૬ તા.૩૧/૦૧/૨૦૨૬

શ્રી હરેશકુમાર વાલજીભાઈ રાદડીયા,
રહે. અમદાવાદ, ઠે.બી-૧, આકાશદીપ ફલેટ, કાંકરીયા, અમદાવાદ .......અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વાજડી, તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હરેશકુમાર વાલજીભાઈ રાદડીયા, રહે. અમદાવાદ એ તેમનો જન્મ તા.૦૨/૧૧/૧૯૬૯ ના રોજ વિસાવદર તાલુકાના વાજડી ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વાજડી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વાજડી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૨/૨૬ તા.૩૦/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી મુળજીભાઈ ભીમજીભાઈ વસ્તરપરા,
મુ. ચમારડી, તા.બાબરા, જિ.અમરેલી મો. ......................
અરજદારના વકીલશ્રી નીલેશ પી. વસાણી

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી ચમારડી
ચમારડી ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના ચમારડી ગામના રહીશ આ કામના અરજદારના પુત્રી શ્રી રમાબેન મુળજીભાઈ વસ્તરપરાનો જન્મ તા.૨૦/૧૧/૧૯૮૬ ના રોજ મુ.ચમારડી, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૯/૦૧/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૫૩/૨૦૨૬ તા.૨૯/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. પાલજીભાઈ હાદાભાઈ વાણીયા
રહે. હાથસણી રોડ, રાધેશ્યામ સોસાયટી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા,
તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ભાણેજ પ્રભાબેન ગોબરભાઈ ખેતરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૧૫/૨૦૨૬ તા.૩૧/૦૧/૨૦૨૬

શ્રી મહમદસલીમ ફતેહમહમદ બ્લોચ,
રહે. વાંકાનેર, ઠે. એસ.કે. પ્લાઝા ફર્સ્ટ ફલોર, રાજકોટ રોડ,
વાંકાનેર જી.મોરબી .......અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મહમદસલીમ ફતેહમહમદ બ્લોચ, રહે. વાંકાનેર, જી.મોરબીએ તેમનો જન્મ તા.૦૯/૦૪/૧૯૬૨ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસવાદર, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**તંત્રી લેખ**

# જીવન શિક્ષણના બદલાતા માધ્યમ

શિક્ષણ જગતના આયામો બદલાઈ રહ્યા છે. એઆઈ ટેકનોલોજીના આગમન પહેલા કોરોના મહામારીએ માનવ જીવનના દરેક ક્ષેત્રને હચમચાવી દીધું, પરંતુ સૌથી ઊંડો અને લાંબા ગાળાનો પ્રભાવ શિક્ષણ પર પડ્યો છે. વર્ષો સુધી ચાલતી આવેલી વર્ગખંડ આધારિત શિક્ષણ પદ્ધતિ અચાનક અટકી ગઈ. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઓનલાઈન શિક્ષણને વિકલ્પ તરીકે અપનાવવામાં આવ્યું, પરંતુ આ ઉપાય પોતે જ અનેક નવી સમસ્યાઓનું કારણ બન્યો. શિક્ષણ બચાવવાની દોડમાં આપણે અજાણતા જ બાળકોના જીવન શિક્ષણના મૂળ માધ્યમ''ઘર''ને અવગણી દીધું. ઓનલાઈન શિક્ષણ સાથે જ વિદ્યાર્થીઓમાં મોબાઈલ અને સ્ક્રીન એડિક્શન નોંધપાત્ર રીતે વધ્યું. આ માત્ર શિક્ષણ પૂરતું સીમિત ન રહ્યું; બાળકો એવી વેબસાઈટ્સ અને ડિજિટલ સામગ્રી તરફ આકર્ષાયા જે તેમના માનસિક અને નૈતિક વિકાસ માટે હિતાવહ નહોતી. આ પ્રકારની વેબસાઈટ્સનો વ્યૂઅર્સમાં ૬૨ ટકાનો વધારો ચિંતાજનક સંકેત છે. શાળા બંધ રહી, પરંતુ બાળકો 'ડિજિટલ વર્ગખંડ'માં પ્રવેશ્યા-જ્યાં નિયંત્રણ ઓછું અને જોખમ વધારે હતું. વિદ્યાર્થીઓ સતત ઘરમાં રહેતા થતાં ઘર ખર્ચમાં સરેરાશ ૨૩ ટકાનો વધારો નોંધાયો. વીજળી, ઈન્ટરનેટ, મોબાઈલ રિચાર્જ, ઉપકરણોની ખરીદી-આ બધું મધ્યમ વર્ગ માટે વધારાનો ભાર બન્યું. પરંતુ આ આર્થિક દબાણ કરતાં વધુ ગંભીર સમસ્યા બની મા-બાપ માટે 'બ્રિધિંગ સ્પેસ' અને પ્રાઈવસીનો અભાવ મુખ્ય ગણી શકાય. ઘરમાં દરેક વ્યક્તિ સતત સાથે રહેતા હોવાથી તણાવ વધ્યો, અથડામણો વધી અને તેના પરિણામ રૂપે ગુજરાત રાજ્યના પોલીસ રેકોર્ડ મુજબ ફેમિલી ક્રાઈમમાં ૧૭ ટકાનો વધારો નોંધાયો. આ આંકડો સ્પષ્ટ કરે છે કે શિક્ષણની સમસ્યા માત્ર શાળાની નથી, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને સ્પર્શે છે.એક સમય હતો જ્યારે બોર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓ માટે આફત સમાન ગણાતી. કોરોના સમયમાં સ્થિતિ એવી બની છે કે સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડ માટે પરીક્ષા લેવી જ શિક્ષણ વિભાગ માટે મોટો પડકાર બની હતી. પરીક્ષા લેવાય તો આરોગ્યનું જોખમ, ન લેવાય તો શૈક્ષણિક ગુણવત્તાનો પ્રશ્ન-આ બેધારી તલવાર સામે સરકારને માસ પ્રમોશન જેવા નિર્ણય લેવાના થયા. આ નિર્ણય ટૂંકા ગાળે રાહત આપે છે, પરંતુ લાંબા ગાળે શિક્ષણની વિશ્વસનીયતા અને વિદ્યાર્થીઓની ક્ષમતાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા.આજે સમાજ 'આગળ ખાઈ અને પાછળ કૂવા' જેવી સ્થિતિમાં ફસાયો છે. એક તરફ આધુનિક ટેકનોલોજી વગર શિક્ષણ આગળ વધતું નથી, અને બીજી તરફ એ જ ટેકનોલોજી બાળકોના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસ માટે જોખમ બની રહી છે. આવા સમયે ભગવાન કૃષ્ણ-સુદામાના સમયની ગુરુકૂળ વ્યવસ્થાની માત્ર ભાવનાત્મક યાદ કરતા રહેવા કરતાં, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ' તરીકે શિક્ષણવ્યવસ્થાને દુરસ્ત કરવી વધુ જરૂરી છે.અંગ્રેજોએ દુનિયાભરમાં ચાર દીવાલોવાળા વર્ગખંડ, કાળું પાટિયું, શિક્ષકની નિશ્ચિત જગ્યા અને પંક્તિમાં બેઠેલા વિદ્યાર્થીઓ-આ માળખાને જ્ઞાનની આપ-લેનું મુખ્ય સાધન બનાવ્યું. કોવિડ મહામારી અને સોશિયલ ડિસ્ટન્સિંગે આ માળખાની મર્યાદાઓ ખુલ્લી પાડી. હવે પ્રશ્ન એ નથી કે વર્ગખંડ ક્યારે ખુલશે, પરંતુ પ્રશ્ન એ છે કે શિક્ષણનું કેન્દ્ર ફરીથી કેવી રીતે માનવીય બનાવવું. કારણ કે હવે ટેકનોલોજીનો જબરજસ્ત વિકાસ થઈ ચૂક્યો છે. એ આઈ ના સહારે વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. નિબંધ લખવો હોય તો એ આઈ નો ઉપયોગ વિદ્યાર્થી કરી રહ્યા છે. આનો અતિરેક અત્યારે થઈ રહ્યો છે. પરીક્ષામાં ચોરી કરવા પણ એ આઈ નો ઉપયોગ થતો હોવાનું બહાર આવ્યું છે. આવા સંજોગોમાં શિક્ષણમાં પરિવર્તન જરૂરી લાગે છે.આ સંદર્ભમાં 'ઘર' જીવનશિક્ષણનું સૌથી મહત્વનું માધ્યમ બની શકે છે. ઘર માત્ર રહેવાની જગ્યા નથી; તે સંસ્કાર, સંવાદ, સહનશીલતા અને જવાબદારી શીખવવાની પ્રથમ પાઠશાળા છે. મા-બાપ જો માત્ર પરીક્ષાના ગુણ નહીં, પરંતુ બાળકોના સ્વભાવ, રસ અને માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપે, તો શિક્ષણનો અર્થ બદલાઈ શકે.

# સાવરકુંડલામાં સુકનરા ડેમ ઊંડો ઉતારવાનાં કાર્યનો ધારાસભ્ય મહેશ કસવાલા હસ્તે પ્રારંભ

સાવરકુંડલા,તા.૦૩



સાવરકુંડલા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કાયમી જળસંચય અને જળસંકટ નિવારણ માટે મહત્વપૂર્ણ એવા સુકનરા ડેમને રૂ. ૧૦૯.૬૨ લાખના ખર્ચે ઊંડો ઉતારવાના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે આજે સંપન્ન થયું હતું. આ યોજના અંતર્ગત ડેમમાંથી અંદાજે ૨૫,૦૦૦ મેટ્રિક ટન માટી ખોદકામ કરી ડેમને વધુ ઊંડો ઉતારવામાં આવશે. સુકનરા ડેમ સાવરકુંડલા વિસ્તારની 'જીવાદોરી' સમાન છે. ડેમ ઊંડો ઉતારવાનુ કાર્ય પૂર્ણ થયા બાદ તેની પાણી સંગ્રહ ક્ષમતા નોંધપાત્ર રીતે વધશે, જેના કારણે પાણીનું સ્તર ઉપર આવશે અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈ સુવિધા વધુ મજબૂત બનશે. આ યોજના ખેડૂતો માટે ખેતીમાં સ્થિરતા, ઉત્પાદન વૃદ્ધિ અને આવક વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. સુકનરા ડેમમાં ભવિષ્યમાં પૂરતું પાણી ઉપલબ્ધ રહે તે માટે સૌની યોજના અંતર્ગત નર્મદા નદીના પાણીથી ડેમ ભરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ દિશામાં તાજેતરમાં જ રૂ.૧૪ કરોડના ખર્ચે સૌની યોજના પાઈપલાઈનના કાર્યનો આરંભ થયો છે. આ યોજના સાથે નાવલી નદીના પુનર્જીવન માટેનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં શહેર ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં પત્ની સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થતા પતિએ ગળેફાંસો ખાધો

બગસરા, તા.૦૩

બગસરા શહેરમાં એક નાનકડી ઘરેલું બાબતે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પત્ની સાથે ઘરકામ જેવી સામાન્ય બાબતમાં થયેલી બોલાચાલી બાદ માઠું લાગી આવતા એક વ્યક્તિએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ભુપતભાઈ છગનભાઈ ઉનાવા (ઉ.વ.૫૧) એ જાહેર કર્યા મુજબ, વિજયભાઈ વિઠ્ઠલભાઈ ઉનાવા (ઉ.વ.૩૪) ને તેમના પત્ની સાથે ઘરકામ કરવા જેવી સામાન્ય બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. જોકે, આ સામાન્ય વાત મૃતકને મનમાં લાગી આવી હતી. મન પર ઊંડી અસર થવાને કારણે આવેશમાં આવી જઈ તેમણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સામાન્ય બોલાચાલીમાં એક હસતા-રમતા પરિવારે મોભી ગુમાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# દોલતી ગામની સગીરાનું અપહરણ: બદકામ કરવાના ઈરાદે ભગાડી જનાર શખ્સ સહિત ૫ સામે ગુનો દાખલ

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના દોલતી ગામમાં સગીર વયની દીકરીના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આ કેસમાં મળતી વિગતો અનુસાર, ફરિયાદીની ૧૬ વર્ષ, ૫ મહિના અને ૨૬ દિવસની સગીર દીકરીને આરોપી લલચાવી-ફોસલાવીને બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. સગીરાની માતાએ પ્રતાપભાઈ ભુપતભાઈ ગુજરીયા રહે.મુળ ચાંચ ગામ તા.રાજુલા, દિનેશભાઈ કાળુભાઈ શિયાળ, રૂપસંગભાઈ ભુપતભાઈ ગુજરીયા,કિશનભાઈ ભાવેશભાઈ તથા મેરૂભાઈ બિજલભાઈ ગુજરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.આ ગુનામાં મુખ્ય આરોપીને મદદ કરનાર અન્ય ચાર શખ્સો સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, અન્ય ચાર આરોપીએ મુખ્ય આરોપી પ્રતાપભાઈ ગુજરીયાને ચડામણી કરી તેમની સગીરાને ભગાડવામાં પૂરેપૂરી મદદગારી કરી હતી.

# રાજુલા તાલુકાના ભાક્ષીગામ ૩ ખાતે નવનિર્મિત પ્રાથમિક શાળાનું લોકાર્પણ

રાજુલા,તા.૦૩


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકાના ભાક્ષીગામ ૩ ખાતે નવનિર્મિત પ્રાથમિક શાળાનું લોકાર્પણ અને ભાક્ષીગામ ૩થી ભાક્ષીગામ ૧ને જોડતા રસ્તાનુ ખાતમુહૂર્ત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માર્કેટીંગ યાર્ડના પ્રમુખ રાજેશભાઈ પરસાણા, ઉપપ્રમુખ પીઠાભાઈ નકુમ, ભાક્ષીગામના સરપંચ મગળુભાઈ ધાખડા, રાજુલા તાલુકા પંચાયતના સદસ્ય કનુભાઈ ધાખડા, સરપંચ એસોસીયેશનના પ્રમુખ મનુભાઈ ધાખડા, વાવડી ગામના સરપંચ અનકભાઈ તથા ધારાનાનેસ ગામ મહેશભાઈ તથા ભંડારીયાદાદા હનુમાનજી મંદિરના મહંત કાળુભાઈ, ભાક્ષીગામ તથા રીગંણીયાળા ગામના સરપંચ વનરાજભાઈ તથા પૂર્વ સરપંચ બીછુભાઈ, ભાક્ષીગામ ગ્રામ પંચાયતના સદસ્યો, ગ્રામજનો, શાળાના આચાર્ય તથા શિક્ષકો બહોળી સંખ્યા હાજર રહેલ.

# સાસરિયાઓના ત્રાસથી કંટાળી પરિણીતા પોલીસ સ્ટેશન પહોંચી

જાફરાબાદ, તા.૦૩

જાફરાબાદમાં વધુ એક પરિણીતાને સાસરિયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવાની ઘટના સામે આવી હતી. પરિણીતાની ફરિયાદના આધારે પોલીસે ઘરકામ બાબતે ઝઘડો કરી, મારપીટ કરનાર સાસરિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જાફરાબાદની વડલી રબારી શેરીમાં રહેતા જીલુબેન પ્રતાપભાઈ ગોહિલ (ઉ.વ.૨૯) એ ગીરસોમનાથના ઉના તાલુકાના નેસડા ગામે રહેતા પતિ પ્રતાપભાઈ જોધુભાઈ ગોહિલ,સાસુ રાધુબેન જોધુભાઈ ગોહિલ, સસરા જોધુભાઈ ગોહિલ, જેઠ જસુભાઈ જોધુભાઈ ગોહિલ, દિયર જુવાનસિંહ જોધુભાઈ ગોહિલ તથા નણંદ વર્ષાબેન જોધુભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી.મળતી માહિતી મુજબ, પરિણીતાના લગ્નજીવન દરમિયાન તેના સાસરિયાઓએ ભેગા મળીને નાની-નાની બાબતોમાં હેરાનગતિ શરૂ કરી હતી. ખાસ કરીને ઘરકામ બાબતે ફરિયાદીને એન-કેન પ્રકારે શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપવામાં આવતો હતો. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપ મુજબ, સાસરિયાઓ અવારનવાર ગાળો આપી ઝઘડો કરતા હતા અને વાત એટલી હદે વધી જતી કે પરિણીતાને ઢોર માર પણ મારવામાં આવતો હતો. એટલું જ નહીં, આરોપીઓએ પરિણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ તમામ આરોપીઓએ એકબીજાને ગુનામાં મદદગારી કરતા પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી.

# મહુવાના પઢીયારકાનો શખ્સ નશાની હાલતમાં બાઈક ચલાવતા ઝડપાયો

અમરેલી, તા.૦૩

મહુવા તાલુકાના પઢીયારકા ગામનો એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં મોટરસાયકલ ચલાવતા પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ડુંગર પોલીસ સ્ટેશન ટીમે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન પઢીયારકા ગામના ઈસમને ઝડપી પાડ્યો હતો. આરોપી પોતાના હવાલાનું કાળા કલરનું બજાજ ડિસ્કવર મોટરસાયકલ (નંબર: GJ ૧૮ CA ૬૯૯૦) લઈને નીકળ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન માલુમ પડ્યું હતું કે, આરોપીએ કોઈ પણ પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલું હતું અને નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યો હતો.

અમરેલીમાં નાગનાથ બસ સ્ટેન્ડ પાસેથી એક યુવક ટ્રાફીક અડચણરુપ તથા જોખમરૂપ થાય તે રીતે રાખી મળી આવ્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૫૬૪ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૭૩ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૦૫૧ |
| બાજરી | ૨૫૦ | ૪૭૫ |
| મકાઇ | ૩૧૧ | ૩૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૨૦ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૧૫૦ |
| ચણા સફેદ | ૯૮૦ | ૨૦૯૯ |
| અડદ | ૯૫૦ | ૧૬૭૦ |
| મગ | ૧૦૧૫ | ૧૮૬૦ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૧૩૨ |
| ચોળી | ૮૫૦ | ૧૫૨૫ |
| મઠ | ૧૧૫૦ | ૨૧૪૫ |
| વટાણા | ૫૩૫ | ૧૧૨૫ |
| કળથી | ૩૭૫ | ૮૧૦ |
| રાજમા | ૬૯૦ | ૧૬૨૫ |
| મગફળી જાડી | ૧૩૭૦ | ૧૫૫૧ |
| મગફળી જીણી | ૧૩૨૫ | ૧૫૩૫ |
| તલી | ૧૪૧૦ | ૨૨૦૦ |
| એરંડા | ૧૧૯૫ | ૧૨૫૯ |
| અજમો | ૧૧૦૦ | ૨૫૦૦ |
| સુવા | ૧૪૨૫ | ૧૬૬૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૧૯ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૩૨૫૦ | ૪૯૫૦ |
| લસણ | ૧૧૨૦ | ૧૫૧૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| મરચા સુકા | ૨૨૦૦ | ૫૫૦૦ |
| ધાણી | ૧૬૫૦ | ૨૩૯૦ |
| વરીયાળી | ૨૧૨૫ | ૨૧૨૫ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૮૬ |
| રાય | ૧૦૮૦ | ૧૬૧૮ |
| મેથી | ૮૦૦ | ૧૩૦૭ |
| ઇસબગુલ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| અશેરીયો | ૧૦૪૪ | ૧૦૮૦ |
| રાયડો | ૯૫૦ | ૧૨૮૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૯ | ૫૧૧ |
| પપૈયા | ૭૫ | ૧૩૫ |
| બટેટા | ૧૦૯ | ૨૨૭ |
| ડુંગળી સુકી | ૫૧ | ૩૧૧ |
| ટમેટા | ૧૫૭ | ૩૧૮ |
| સુરણ | ૬૧૨ | ૯૦૭ |
| કોથમરી | ૧૧૩ | ૨૦૪ |
| સકરીયા | ૩૧૬ | ૫૩૨ |
| મુળા | ૩૧૯ | ૫૧૧ |
| રીંગણા | ૨૩૨ | ૫૪૮ |
| કોબીજ | ૬૮ | ૧૨૫ |
| ફ્લાવર | ૧૬૭ | ૨૪૨ |
| ભીંડો | ૫૫૭ | ૯૦૭ |
| ગુવાર | ૯૧૩ | ૧૭૫૯ |
| ચોળાસીંગ | ૪૬૨ | ૧૨૫૧ |
| વાલોળ | ૨૩૩ | ૪૨૬ |
| ટીંડોળા | ૫૩૬ | ૧૦૧૩ |
| દુધી | ૧૭૮ | ૩૦૭ |
| કારેલા | ૫૫૮ | ૮૧૨ |
| સરગવો | ૬૪૨ | ૧૨૧૪ |
| તુરીયા | ૫૮૩ | ૯૯૬ |
| પરવર | ૧૪૩૨ | ૧૮૧૭ |
| કાકડી | ૨૧૩ | ૬૮૭ |
| ગાજર | ૨૧૧ | ૩૨૪ |
| વટાણા | ૩૧૮ | ૪૭૨ |
| તુવેરસીંગ | ૩૧૯ | ૪૨૩ |
| ગલકા | ૩૫૯ | ૭૯૨ |
| બીટ | ૮૩ | ૨૦૨ |
| મેથી | ૧૧૧ | ૧૬૯ |
| વાલ | ૪૪૮ | ૬૧૧ |
| ડુંગળી લીલી | ૨૦૨ | ૩૧૩ |
| આદુ | ૧૧૧૨ | ૧૩૨૭ |
| ચણા લીલા | ૧૦૮ | ૨૫૮ |
| મરચા લીલા | ૪૨૧ | ૬૧૩ |
| હળદર લીલી | ૪૧૧ | ૬૨૯ |
| લસણ લીલું | ૫૧૯ | ૮૦૮ |
| મકાઇ લીલી | ૧૪૬ | ૨૮૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૩૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૭૭૬ | ૧૨૮૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૬૧ |
| વરીયાળી | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ધાણા | ૯૦૧ | ૨૧૩૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૫૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૭૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૭૮૧ |
| રાયડો | ૧૦૪૧ | ૧૧૮૧ |
| રાય | ૧૩૫૧ | ૧૩૫૧ |
| મેથી | ૬૭૧ | ૯૨૧ |
| કાંગ | ૫૪૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૧૧૩૧ | ૧૫૨૬ |
| નવા ધાણા | ૧૧૦૧ | ૨૩૭૬ |
| નવી ધાણી | ૧૨૦૧ | ૨૭૦૧ |
| નવું જીરૂ | ૨૭૫૧ | ૫૦૬૧ |
| સફેદ ચણા | ૧૦૧૧ | ૧૮૭૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૧ | ૧૬૦૬ |
| તલ - તલી | ૧૨૭૬ | ૨૧૪૧ |
| ઇસબગુલ | ૭૫૧ | ૧૬૭૬ |
| ધાણી | ૧૦૦૧ | ૨૧૬૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૫૬ |
| બાજરો | ૩૫૧ | ૩૬૧ |
| જુવાર | ૬૦૧ | ૧૧૨૧ |
| મકાઇ | ૩૯૧ | ૩૯૧ |
| મગ | ૭૫૧ | ૧૯૪૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૧૬ |
| વાલ | ૩૭૬ | ૧૦૨૧ |
| વાલ પાપડી | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ચોળા / ચોળી | ૪૫૧ | ૫૭૬ |
| સોયાબીન | ૮૦૧ | ૧૧૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૫૦૧ | ૧૨૭૬ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૩૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૬૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૧૮૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૧૮૦ | ૮૦૦ |
| વટાણા | ૧૮૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૩૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| પચકારુ | ૨૦૦ | ૨૪૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૨ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૪૦૦ |
| વાલોર | ૧૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૩ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૦૭૦ | ૧૪૭૦ |
| શિંગદ્દનંબર | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ગીરનાર શિંગ | ૧૩૦૦ | ૧૫૩૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૮૦ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૯૧૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૮૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૮૫ |
| તલ કાળા | ૧૧૦૦ | ૪૦૦૦ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૨૦ |
| મકાઈ | ૩૪૫ | ૩૪૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૦ |
| સફેદચણા | ૮૯૫ | ૧૦૬૦ |
| તુવેર | ૮૦૦ | ૧૬૬૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૭૫ |
| જીરુ | ૨૯૯૦ | ૪૪૮૫ |
| રાય | ૧૨૪૦ | ૧૨૬૦ |
| ધાણી | ૨૦૧૦ | ૨૦૩૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૮૫ |
| મરચાં લાંબા | ૧૪૭૦ | ૬૦૨૦ |
| નવી ધાણી | ૧૪૪૦ | ૨૦૩૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૬૫૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૩૫૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૫૦ |
| દુધી | ૨૪૦ | ૩૨૦ |
| કારેલા | ૯૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૫૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૫૦૦ | ૫૯૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૪૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૦૦ | ૫૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| આમળા | ૫૫૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૯૦૦ | ૧૧૦૦ |
| ભીડો | ૯૫૦ | ૧૧૫૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૯૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૧૬૦ | ૨૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૬૦ |
| બીટ | ૨૦૦ | ૨૯૦ |
| વાલ | ૪૦૦ | ૫૨૦ |
| સરગવો | ૭૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલા | ૭૦૦ | ૧૧૦૦ |
| મરચાં લાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૩૯૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૫૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૨૦ | ૩૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૨૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૪૨ |
| તલ કાળા | ૩૨૫૦ | ૪૧૦૦ |
| જીરૂ | ૩૭૫૫ | ૪૪૧૪ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| બાજરો | ૩૮૫ | ૬૨૧ |
| અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૬૫ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ધાણા | ૧૩૫૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| અજમાં | --- | ૨૧૫૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૪૫ |
| કપાસ મીડી. | ૧૨૨૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૧૩૫ | ૧૫૧૫ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૮૦ |
| જીરૂ | ૩૧૧૫ | ૪૩૯૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ચણા | ૯૧૫ | ૧૦૭૫ |
| તુવેર | ૯૩૫ | ૧૪૮૮ |
| ધાણા | ૧૦૩૦ | ૧૫૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૩૬ |
| ઘઉં લોકવન | ૪૯૩ | ૫૧૪ |
| ઘઉ ટુકડા | ૪૫૦ | ૫૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૫૧૫ | ૧૯૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૪૫ |
| રાઈ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| સોયાબીન | ૯૭૫ | ૧૦૭૦ |
| સીંગ દાણા | ૧૫૪૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૧૯૬૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૨૬૫૧ |
| લસણ | ૩૮૫ | ૫૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૮ | ૧૬૦૬ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૩૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૫૦૭ | ૫૦૭ |
| ચણા | ૯૪૫ | ૯૫૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૧૪૦ | ૧૪૨૬ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૫૫૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૫૦ | ૧૩૭૫ |
| તલ સફેદ | ૧૯૬૦ | ૨૧૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૫ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૭૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૩૧ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મઠ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| તુવેર | ૧૦૮૦ | ૧૫૫૦ |
| ચણા | ૯૦૧ | ૧૦૨૬ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૧૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૭૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૪૦૬ |
| શિગફાડા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૭૦૧ | ૧૧૦૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૩૬ | ૮૫૦ |
| બાજરી | ૩૬૧ | ૬૫૦ |
| બાજરો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૧૧ |
| અડદ | ૫૦૧ | ૧૨૦૫ |
| મગ | ૬૭૦ | ૧૮૨૬ |
| સોયાબીન | ૮૬૦ | ૧૧૩૮ |
| ચણા | ૬૦૦ | ૯૮૦ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૧૯૨૪ |
| તલ કાળા | ૨૦૫૪ | ૩૪૦૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૬૨૬ |
| ધાણા | ૨૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૭૭ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૦૦ |
| નાળીયેર | ૫૭૫ | ૨૨૧૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૯૦ | ૧૫૩૧ |
| મગફળી ૩૨ નં. | ૧૧૦૦ | ૧૪૫૧ |
| બાજરી હાઇબ્રીડ | ૩૧૧ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૬ |
| તુવેર | ૧૨૦૦ | ૧૭૨૨ |
| જુવાર | ૬૦૦ | ૧૧૦૨ |
| અડદ | ૧૧૦૦ | ૧૭૪૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૫૬ |
| જી.તલ | ૧૭૦૦ | ૨૧૭૦ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૯૪૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૮ |
| કાંગ | ૪૫૦ | ૬૧૨ |


....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬



લાગે તો તીર : બકો આજે કાંઈક નવાં અંદાજમાં હતો
06

# નિર્મલા સીતારામનનું બજેટ નિરાશાજનક છે ?



૧ ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા બજેટ પછી ઘણાંએ આ સૂર કાઢ્યો છે કેમ કે બે મોટી અપેક્ષા ફળી નથી. એક અપેક્ષા ઈન્કમટેક્સમાં સ્ટાન્ડર્ડ ડીડક્શન વધારવાની હતી જ્યારે બીજી અપેક્ષા ખેડૂત સન્માન નિધી હેઠળ દર ચાર મહિને મળતી ૨૦૦૦ રૂપિયાની રકમ ૩૦૦૦ થઈ જાય એવી હતી. નિર્મલાએ આ બંને મુદ્દે કોઈ નિર્ણય ના લીધો તેથી થોડોક નિરાશાનો સૂર છે પણ વાસ્તવમાં ગયા વરસે નિર્મલા મધ્યમ વર્ગ અને નોકરીયાતો પર ધૂમ વરસ્યાં એ જોતાં કમ કે કમ પાચં વર્ષ સુધી તો કોઈ મોટી રાહતની અપેક્ષા રાખી શકે તેમ નથી.

નિર્મલા સીતારામને ત્રણ વર્ષ પહેલાં જાહેર કરેલા આવકવેરાના ન્યુ રીજિમમાં ૭.૨૦ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહોતો લાગતો. ગયા વરસે એ મર્યાદા વધારીને સીધી ૧૨ લાખ રૂપિયા કરી દેવાઈ અને સ્ટાન્ડર્ડ ડીડક્શનની છૂટ પણ ચાલુ રખાઈ. સ્ટાન્ડર્ડ ડીડક્શનના ૭૫ હજાર રૂપિયા ઉમેરો તો હવે ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગશો નથી. મતલબ કે, મહિનાની એક લાખ છ હજાર રૂપિયા સુધીની આવક હોય તો એક પૈસો પણ ઈન્કમટેક્સ પેટે નહીં ચૂકવવો પડતો નથી.

ભારતમાં મોટા ભાગનો મધ્યમ વર્ગ ૧ લાખથી ઓછો પગાર મેળવે છે તેથી એક રીતે નોકરીયાત મધ્યમ વર્ગ પરનો ઈન્કમટેક્સ મોદી સરકારે નાબૂદ જ કરી દીધો છે એમ કહી શકાય. આટલી મોટિ જાહેરાત પછી વધારે કેટલી અપેક્ષા રાખી શકો ?

મધ્યમ વર્ગમે રાહત ના મળી તેનું એક કારણ એ પણ છે કે નજીકમાં ચૂંટણી નથી. હવે પછી લોકસભાની ચૂંટણી ૨૦૨૯માં યોજાશે તેથી મધ્યમ વર્ગ જે થોડીઘણી રાહતની આશા રાખી શકે એ ૨૦૨૮ના બજેટમાં રાખી શકે. ગયા વરસે મળેલી રાહત પણ લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદી સળંગ ત્રીજી વાર ભાજપને સ્પષ્ટ બહુમતી ના અપાવી શક્યા તેના કારણે મળેલી. લોકોને રીઝવવા મોદી સરકારે સૌથી પહેલાં આયુષ્માન યોજનાનો લાભ ૭૦ વર્ષથી વધારે ઉમંરનાં લોકોને આપવાનો નિર્ણય લીધો ને પછી સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના જાહેર કરાઈ હતી. એ પછી સરકારી કર્મચારીઓ માટે મોદી સરકારે આઠમું પગાર પંચ પણ જાહેર કરવું પડ્યું હતું,

નિર્મલાના બજેટમાં બીજું કંઈ ચર્ચાને લાયક નથી તેથી ભારતમાં બજેટ વિશેની કેટલીક રસપ્રદ વાતો જાણીએ.

■■■

ભારતમાં પહેલાં સાંજે ૫ વાગ્યે બજેટ રજૂ થતું.

આ વાત સાંભળીને આશ્ચર્ય થશે પણ આ વાત સાવ સાચી છે. ભારત અંગ્રેજોનું ગુલામ હતું ત્યારે ભારતનું બજેટ બ્રિટનની સંસદમાં રજૂ થતું ને મંજૂર કરાતું. એ વખતે બ્રિટનમાં સવારના ૧૧ વાગ્યે ત્યારે સંસદની બેઠક શરૂ થઈ હોય પણ આપણે ત્યાં સાડા પાંચ વાગી ગયા હોય. અંગ્રેજોને તો ભારતની કોઈ કિમત નહીં ને બજેટ એક હતી ઔપચારિકતા હતી તેથી બ્રિટનની સંસદમાં નિરાંતે સવારે અગિયાર વાગે રજૂ થતું ને મિનિટોમાં તો બજેટ મંજૂર કરવાનું નાટક પતાવી દેવાતું.

અંગ્રેજો ગયા પછી આ પ્રથા બંધ કરવાની જરૂર હતી પણ આપણા અક્કલના મહા શાસકોએ આ બકવાસ પ્રથા ચાલુ રાખી તેથી આઝાદીનાં ૫૨ વર્ષ સુધી ફેબ્રુઆરી મહિનાના છેલ્લા દિવસે જ સાંજે સાડા પાંચ વાગ્યે બજેટ લોકસભામાં રજૂ થતું. કોઈ સરકારને એવો વિચાર ના આવ્યો કે, હવે આપણે આઝાદ છીએ ત્યારે અંગ્રેજોની ગુલામી છોડીને આપણાં લોકોને માફક આવે એવા સમયે બજેટ રજૂ કરવું જોઈએ.



## બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

વાજપેયી સરકારે આ ગુલામીની માનસિકતા ત્યજીને ૧૯૯૯થી સવારે ૧૧ વાગ્યે બજેટ રજૂ કરવાનું શરૂ કરીને નવો ચિલો ચાતર્યો. બજેટને ભારતીયોને માફક આવે એ ,સમયે રજૂ કરવાની સારી પરંપરા સ્થાપીને વાજપેયી સરકારે સામાન્ય લોકોની સાથે સાથે મીડિયાને પણ રાહત કરી આપી. મીડિયા પાસે અને ખાસ તો અખબારો પાસે બજેટનો અભ્યાસ કરીને રીર્પોટિંગ કરવા માટે પૂરતો સમય રહેતો તેથી લોકોને સારું એનાલિસિસ મળતું થયું. .

■■■

મોદી સરકારે નવા ચિલો ચાતરવાની પરંપરા જાળવી છે.

મોદી સરકારે બજેટની તારીખ અને બે બજેટ ભેગાં કરવાનું મહત્વનું કામ કર્યું છે. ભારતમાં પહેલાં રેલ્વે બજેટ અલગથી રજૂ થતું. મોદી સરકારે એક દાયકા પહેલાં એટલસે કે ૨૦૧૭માં રેલ્વે બજેટ રજૂ કરવાનું બંધ કરીને રેલ્વે અને સામાન્ય બજેટને એક કરી દીધેલાં. આપણી માનસિકતામાં અંગ્રેજોની ગુલામી એ હદે ઘર કરી ગયેલી કે અંગ્રેજો જતા રહ્યા પછી પણ તેમની ઘણી પરંપરાઓ સમજ્યા વિના ચાલુ રખાયેલી. સાપ ગયા પણ લિસોટા રહી ગયા એમ રેલ્વે બજેટ અંગ્રેજોના ગયા પછી પણ ચાલુ રહ્યું.

મોદી સરકારે સામાન્ય બજેટ અને રેલ્વે બજેટને એક કરીને રેલ્વેને લગતી જોગવાઈઓને પણ સામાન્ય બજેટમાં જ સમાવી લેવાનો મોટો નિર્ણય પણ લીધો હતો. મોદી સરકારે બીજો સારો નિર્ણય બજેટની તારીખ બદલવાનો કર્યો. અંગ્રેજોના વખતથી બજેટ ૨૮ ફેબ્રુઆરીએ રજૂ થતું પણ મોદી સરકારે બજેટની તારીખ એક મહિનો આગળ લાવીને ૧ ફેબ્રુઆરી કરી નાંખી હતી. એ જ રીતે પહેલાં બજેટમાં યોજનાકીય ખર્ચ ને બિન-યોજનાકીય ખર્ચ અલગ અલગ બતાવાતો હતો. મોદી સરકારે એ બંધ કરીને ક્યા કામ પાછળ કેટલો ખર્ચ થાય છે તે જ દર્શાવવાનું ચાલુ કર્યું. તેના કારણે બજેટ રજૂ કરવાની ને મંજૂર કરાવવાની પ્રક્રિયામાં થતો સમયનો બેફામ બગાડ બંધ થઈ ગયો.

પહેલાં ફેબ્રુઆરીના અંતમાં બજેટ રજૂ થાય પછી તેને મંજૂર થતાં થતાં જૂન આવી જતો. સંસદની મંજૂરી ના મળી હોય ત્યાં લગી બજેટની યોજનાઓનો અમલ શરૂ ના કરી શકાય તેના બદલે ૧ ફેબ્રુઆરીએ જ બજેટ રજૂ થઈ જાય ને ફેબ્રુઆરીમાં પાસ થઈ જાય પછી સરકારી તંત્રે આખો માર્ચ મહિનો તૈયારી કરીને ૧ એપ્રિલથી વાજતેગાજતે બજેટનો અમલ શરૂ કરી શકે છે.

■■■

ભારતમાં બજેટની શરૂઆત કોણે કરી ?

ભારતમાં પહેલું બજેટ ૧૮૬૦માં રજૂ થયું હતું અને આ બજેટ બ્રિટિશ અર્થશાસ્ત્રી જેમ્સ વિલ્સને રજૂ કર્યું હતું. વિલ્સને બ્રિટિશ મોડેલ પર રચાયેલું બ્રિટિશ ઈન્ડિયાનું સૌપ્રથમ બજેટ રજૂ કર્યું ને ભારત આઝાદ થઈ ગયો એ પછી પણ આ પરંપરા ચલુ રહી છે. ભારત પર પહેલાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું રાજ હતું. ૧૮૫૭માં વિપ્લવ થયો ને આપણા સૈનિકોએ બાંયો ચડાવી પછી ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટનની સરકારે કારભાર લઈ લીધેલો. હસ્તાંતરણની આ પ્રક્રિયા ૧૯૬૩ સુધી ચાલી હતી.

આ પ્રક્રિયા દરમિયાન ૧૮૫૭ના બળવાને કારણે ભારતમાં સર્જાયેલી નાણાકીય કટોકટીનો ઉકેલ શોધવા માટે જેમ્સ વિલ્સનની નિમણૂક કરવામાં આવી હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન દરમિયાન અધિકારીઓએ બેફામ નાણાંકીય ગેરરીતીઓ કરી હતી કેમ કે કોઈનો અંકુશ નહોતો. તેના પર નિયંત્રણ માટે વિલ્સને બ્રિટનની જેમ જ બજેટ બનાવવાનું સૂચન કર્યું ને બ્રિટનની સરકારે તેને જ આ કામ સોંપી દીધું હતું, વિલ્સને ૧૮૬૦માં ભારતનું પહેલું બજેટ બનાવીને બ્રિટનના મહારાણીને સોંપેલું. તેને માન્ય રખાયું ને ૭ એપ્રિલ ૧૮૬૦ના દિવસે જેમ્સ વિલસને બ્રિટનની સંસદમાં આ બજેટ રજૂ કર્યું ત્યારથી બજેટની પરંપરા શરૂ થઈ પણ એ વખતે રેલ્વે બજેટ અલગ નહોતું.

રેલ્વે બજેટનું શ્રેય વાઈસરોય રફસ આઈઝેક્સને જાય છે.

અંગ્રેજો ભારતમાં રેલ્વે લાવ્યા ને ૧૮૫૭ના વિપ્લવ પહેલાં ૧૮૫૩માં ભારતમાં ટ્રેન દોડતી થઈ ગયેલી. ધીરે ધીરે રેલ્વે નેટવર્ક વિકસ્યું ને માલની હેરફેર સહિતની આર્થિક પ્રવૃત્તિઓ તથા સૈનિકોની અવરજવર સહિતની વહીવટી પ્રવૃત્તિઓમાં રેલ્વેની ઉપયોગિતા વધી એટલે ૧૯૨૦માં અંગ્રેજ સરકારે ભારતમાં રેલ્વે તંત્રને વધારે અસરકારકર બનાવવા શું કરવું તેની ભલામણો કરવા રેલ્વે ઈકોનોમિસ્ટ વિલિયમ એકવર્થના અધ્યક્ષસ્થાને ૧૦ સભ્યોની સમિતી બનાવેલી.

આ સમિતીએ એવી ભલામણ કરેલી કે ભારતમાં રેલ્વેને સધ્ધર કરવી હોય તો તેને માટે વધારે રકમ ફાળવો ને વધારે રકમ આપો. બ્રિટનની સરકારે ત્રણ વર્ષ સુધી આ સહાય આપીને રેલ્વેનો વિકાસ કરાવ્યો. ૧૯૨૪માં આઈઝેક્સને તુક્કો સૂઝ્યો તેથી તેમણે રેલ્વે માટે અલગ બજેટની જાહેરાત કરી દીધી. વાઈસરોય એ વખતે સર્વેસર્વા હતા તેથી તેનો અમલ શરૂ થયો ને એ રીતે આપણે ત્યાં એક સામાન્ય અને એક રેલ્વે એમ બે બજેટ શરૂ થયાં.

પહેલાં બજેટનો જોરદાર ચાર્મ રહેતો. બજેટ વરસની સૌથી મોટી ઘટના ગણાતી તેથી મીડિયા તો સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરતું જ પણ સામાન્ય લોકો માટે થતી જાહેરાતો પણ બજેટમાં જ થતી તેથી લોકોને પણ તેમાં રસ પડતો. દિવસો લગી બજેટનું એનાલિસિસ થતું અને નાની પાલખીવાલા સહિતના નિષ્ણાતો અઠવાડિયા પછી બજેટ પર પ્રવચન આપે તો પણ સાંભળવા લોકોની ભીડ જામતી.

હવે એક જ બજેટ રજૂ થાય છે પણ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) તથા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને વચ્ચે વચ્ચે કરાતી જાહેરાતોના કારણે તેનો ચાર્મ રહ્યો નથી. ■ sanjogpurti@gmail.com

# વિમલજી ઓડેદરા: ઇગ્લેન્ડના મીડિયા જગતગના પ્રશ્નોના ઉકેલ માટે મહત્વની ભૂમિકા



પોરબંદરની ભૂમિ પર જન્મેલા મોહનલાલ કરમચંદ ગાંધીએ આફ્રિકા જઈને માનવહિતના અનેક કાર્યો કર્યા હતા. તો આફ્રિકામાં જન્મેલા વિમલજી નાથાજી ઓડેદરાએ આફ્રિકામાં જન્મ લીધા બાદ પોરબંદરની ભૂમિ પર માનવહિતના અનેક મહાન કાર્યો કર્યા છે. ૨૦૨૦થી ઈન્ટરનેશનલ મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળનાર વિમલજીભાઈ ઓડેદરા કહે છે કે તેમના જીવનમાં ગાંધીજીનું બહુ મોટો પ્રભાવ છે. નાનપણમાં તેમણે પોરબંદરની એક લાયબ્રેરીમાંથી ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો મેળવીને વાંચી હતી અને આ પુસ્તક વાંચ્યા પછી તેમને ગાંધીજી પ્રત્યે ખૂબ માન ઉપજ્યું હતું અને પોતાના જીવનમાં ગાંધીજીના સત્ય અને અહિસાના મૂલ્યો ઉતાર્યા હતા અને તેના કારણે જીવનમાં નીતિમત્તા સાથે જીવવાનું બળ મળ્યું છે. વિમલજી ઓડેદરાએ પોતાના સત્ય પ્રેમ અને સિદ્ધાંતો વિશે તેમજ સમાજ અને માનવ પ્રેમ વિશે અનેક વાતો વાગોળી હતી. તેમણે કહ્યું કે જીવનમાં સફળ થવું એ સારી વાત છે પરંતુ સફળતા તમે કઇ રીતે મેળવો છો તે મહત્વનું છે. સફળતા ગમે તે રીતે સાચુ-ખોટું કરીને મેળવવી ન જોઇએ. સફળતા નીતિમત્તા સાથે રાખીને મેળવવી જોઇએ. પોતાની સફળતામાં ગાંધીજી પાસેથી મળેલી પ્રેરણા અને જૈન સંપ્રદાય સાથે અમદાવાદમાં થયેલો સંસર્ગ જવાબદાર હોવાનું તેમણે જણાવ્યું હતું. મૂળ ફટાણા ગામના નાથાજી ઓડેદરાના પુત્ર એવા વિમલજીભાઈનો જન્મ ઈસ્ટ આફ્રિકાના ટાન્ઝાનિયામાં થયો હતો. પરંતુ તેમણે માત્ર આફ્રિકામાં જ નહીં, યુરોપમાં લંડનમાં આવીને અને વતન પોરબંદર આવીને અનેક સેવાકાર્યો કર્યા છે. તેમણે ગાંધીજીની માફક અમદાવાદને પણ પોતાની પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેમણે પ્રાથમિક શિક્ષણ ફટાણામાં લીધું હતું બાદમાં હાઈસ્કૂલનું શિક્ષણ નાનજી કાલીદાસ મહેતા હાઈસ્કૂલમાં અને ત્યારબાદ ધો.૧૧-૧૨નો અભ્યાસ અમદાવાદની સ્વસ્તિક શીશુ વિહાર શાળામાં લીધો હતો.પાંચ ભાઈ અને બે બહેનોમાંના એક એવા વિમલજીભાઈએ અમદાવાદની એલડી કોલેજ ઓફ એન્જીનીયરીંગમાં કેમિકલ ફેકલ્ટીમાં અભ્યાસ કર્યો હતો. નેતૃત્વના ગુણો તેમનામાં તે સમયથી જ ખીલવા લાગ્યા હતા. તેઓ એ વખતે કોલેજમાં જનરલ સેક્રેટરી બન્યા હતા. અભ્યાસ પુરો થયા બાદ તેમણે રાણાવાવની સૌરાષ્ટ્ર સિમેન્ટ ફેકટરીમાં પ્રોસેસ એન્જીનીયર તરીકે કામ કર્યું હતું. બાદમાં તેઓ વેરાવળની સિદ્ધિ સિમેન્ટમાં પણ જોડાયા હતા. ગુજરાતમાં એક સમયે ચાલતા અનામત આંદોલનમાં પણ તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. જો કે તેમને મન વ્યવસ્થા અને સમાજ સુધારા મહત્વના રહ્યાં છે. તેમણે જીવનમાં રાજકારણને ક્યારેય મહત્વનું ગણ્યું નથી. કર્મભૂમિ અમદાવાદ છોડીને તેઓ લંડન ગયા હતા અને ત્યાં તેમણે બી. પી. કેમિકલ્સની રિસર્ચ કમિટિમાં સાડા ત્રણ વર્ષ સુધી પ્રોસેસ એન્જીનીયર તરીકે કામ કર્યું હતું. ૧૯૯૧થી તેમણે લંડનમાં મીની સુપર માર્કેટનો વ્યવસાય પણ કર્યો હતો અને અહીં તેમણે પોતાના રેસ્ટોરન્ટની પણ શરૂઆત કરી હતી. તેઓ ઈગ્લેન્ડના મીડિયા જગત સાથે પણ ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા હતા. તેઓ નેશનલ ફેડરેશન ઓફ રીટેઈલ ન્યૂઝ એજન્ટસના લંડન ડિસ્ટ્રીક્ટના પ્રેસિડેન્ટ પણ બન્યા હતા અને એ વખતના ટેલીગ્રાફ, ઓબઝર્વર, ધી સન, મેઈલ, એક્સપેસ સહિતના તમામ ટોચના અખબારોના સંપર્કમાં રહ્યાં હતા. એ સમયના અખબારી વિતરકોના પ્રશ્નોના ઉકેલ માટે પણ તેમણે અત્યંત મહત્વની ભૂમિકા ભજવી હતી. એક સમયે અમદાવાદની ભૂમિ પર સાયકલ લઈને ફરતા વિમલજીભાઈ વિમાન માર્ગે દેશ-વિદેશમાં ફરી ચૂક્યાં છે. તેઓ કહે છે કે માનવજાતની સેવા કરવામાં પોતાને જે સફળતા મળી છે તેમાં તેમના પત્ની સ્મિતાબેનનો બહૂજ મોટો ફાળો છે. આ ઉપરાંત પોતાના દિકરા કેતન ઓડેદરા અને દિકરી મિનલ ઓડેદરાનો પણ માનવસેવા કાર્યમાં મહાન સહકાર મળ્યો છે.

સમગ્ર વિશ્વના મહેર સમાજને એક મંચ પર લાવવાનું ભગિરથ કાર્ય

સમગ્ર વિશ્વના મહેર સમાજને એક કરવાનું અને એક મંચ પર લાવવાનું કામ એક દંતકથા સમાજ મહેર અગ્રણી ડો. વિરમભાઈ ગોઢાણિયાએ શરૂ કર્યું હતું. ૨૦૨૦થી આ જવાબદારી વિમલજીભાઈ ઓડેદરાને મળી અને તેમણે આ કાર્યને મહત્વનો વેગ આપ્યો. માત્ર પોરબંદર કે ગુજરાત, મહારાષ્ટ્રના જ નહીં કેનેડા, યુએસ, યુએઈ, બહેરિન, ઈઝરાયલ, યુગાન્ડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ અને સમગ્ર વિશ્વના મહેર સમાજના સ્થાનીક અગ્રણીઓ સાથે ઝૂમ મીટીંગો કરીને બધાને એક કર્યા. અગાઉ આ કાર્ય થતું હતું પરંતુ તે પોરબંદર લેવલનું હતું. તેનાથી આગળ વધીને આ કાર્ય રાજકોટ, અમદાવાદ, જૂનાગઢ, સુરત વગેરેથી લઈને મુંબઈ સુધી પણ વિસ્તર્યું અને વિસર્યું હતું. પરંતુ વિમલજીભાઈએ ઈન્ટરનેશનલ મહેર સુપ્રિમ કાઉન્સિલને સ્થાનીક અને વિદેશની કમીટીઓ બનાવીને આ તમામ કમીટીઓને જોડીને આઈએમએસસીને ખરા અર્થમાં ઈન્ટરનેશનલ બનાવી. અગાઉ આ બધી કમીટીનું અસ્તિત્વ હતું જ પરંતુ તેઓ એકબીજા સાથે જોડાયેલા ન હતા. વિરમભાઈએ આ તમામ સંસ્થાઓને એક બીજા સાથે જોડીને મહેર સુપ્રિમ કાઉન્સિલ સાથે જોડી સમાજની આ સંસ્થાને વિશ્વ સ્તરની સંસ્થા બનાવી અને તેની સાથે સમાજની શક્તિસેનાને પણ જોડીને મહેર સમાજને વધુ મજબુત બનાવવાનું એક ભગિરથ કાર્ય કર્યું છે. માત્ર મહેર સમાજના નહીં, માનવ સમાજના વડિલ છે વિમલજીભાઈ.

ફટાણા ગામથી લઈને વિશ્વ ફલક પર ફરીને પોતાના સેવાકાર્યોની સુવાસ ફેલાવનાર વિમલજીભાઈ માત્ર મહેર સમાજના જ નહીં સમગ્ર માનવ સમાજના સેવક છે. ઈન્ટરનેશનલ મહેર સુપિમ કાઉન્સિલ ઉપરાંત તેઓ ઈંગ્લેન્ડમાં એલસીજીઓ એટલે કે નેશનલ કાઉન્સિલ ઓફ ગુજરાતી ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ તરીકે પણ અનેક સેવાકાર્યો કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે જ્ઞાતિ પ્રત્યે અમારી લાગણી સીમીત નથી. એલસીજીઓના માધ્યમથી મને વિદેશમાં વસતા એક મિલિયન ગુજરાતીઓની સેવા કરવાની પણ તક મળી છે અને તેના થકી લંડન અને ઈંગ્લેન્ડમાં તમામ ગુજરાતી જ્ઞાતિઓ એક મંચ પર અને એકજુથ થઈને રહે તે માટે પણ અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. આ માટે ગુજરાતીઓની વિદેશમાં જન્મેલી પેઢી, ગુજરાતી તથા ભારતીય સંસ્કાર અને ભાષાને ભુલી ન જાય તે માટે નવી પેઢીને લંડનમાં ગુજરાત શિખવવા સહિતના અનેક કાર્યો થઈ રહ્યાં છે. એનસીજીઓ દ્વારા ઈંગ્લેન્ડમાં ૧લી મેએ ગુજરાત સ્થાપના દિન તેમજ ૨૬મી અને ૧૫મી રાષ્ટ્રીય પર્વો તેમજ ભારતીય સંસ્કૃતિના તમામ ધાર્મિક તહેવારો પણ ધામધૂમથી ઉજવાય છે. વિદેશની ધરતી પર રહેતા ગુજરાતીઓ માટે કોઈ પણ સમસ્યા ઉભી થાય તો એનસીજીઓ તે સમસ્યાના સમાધાન માટે પૂરતા પ્રયત્નો કરે છે. આ રીતે વિમલજીભાઈનો સેવાવ્યાપ ખૂબજ બહોળો બન્યો છે. વિમલજીભાઈ સમગ્ર માનવ સમાજના સેવક બનીને ઉભરી રહ્યાં છે.■ naranbaraiya277@gmail.com

## ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

# ક્રિયાત્મક સંશોધનમાં રસ, રુચિ અનિવાર્ય



ક્રિયાત્મક સંશોધનએ એવી પ્રક્રિયા છે, જે નથી થયું તેને સમાજ સમક્ષ મૂકવાની ઘરેડમાં નવોપ્રયોગ અથવા કાર્ય. સામાન્ય રીતે ક્રિયા દ્વારા કાર્ય કરવું.આજે શિક્ષણમાં ગોખણીયુ જ્ઞાનનો દબદબો ચાલે છે.વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી ભણાવીશું તો તેનું ભવિષ્ય માત્ર ડિગ્રી પૂરતું થઈ જશે.તેને સંશોધનનાત્મક અભિગમ થકી કાર્ય કરવાની કુશળતા સ્થાપિત કરવા માટે ક્રિયાત્મક કાર્ય કરાવવું તે અનિવાર્ય અભિગમ છે. વિદ્યાર્થીઓમાં સુષુપ્ત શક્તિઓ સાથે ક્રિયાત્મક જ્ઞાન, આવડત અને બૌદ્ધિકતા રહેલી હોય છે. બાળકોમાં પ્રયોગો અને સર્જનાત્મક શૈલી કેટલી ઉત્તમ હોય છે. જ્યારે ખ્યાલ આવે કે બાળકમાં આટલી બધી ક્ષમતા ધરાવે છે. આવા સમતાશીલ બાળકો દેશનું ભવિષ્ય છે.વિધાર્થીને વિજ્ઞાનમાં રસ હોય, ગણિત, ગુજરાતી, સામાજિક વિજ્ઞાન, રાષ્ટ્રીય ભાષા,વેદોની ભાષા સંસ્કૃતમાં અથવા તો સોશિયલ મીડિયાના ક્ષેત્રમાં રસ હોય છે.



## સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

બાળકોને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવામાં આવે તો તેઓ પોતાની સુસુપ્ત શક્તિઓને કામે લગાડશે.પોતે પ્રયોગ અથવા તો નકશાપૂર્તિ જાતે ભરવાનું કાર્યકર્તા થશે.મોટાભાગે તૈયાર મટીરીયલ મળતું હોવાથી વિદ્યાર્થીઓમાં જેતે ક્ષેત્રમાં તપ કરવાની તક મળતી નથી. જે પણ પ્રશ્ન હોય અથવા પ્રયોગ હોય તેમાં મથી રહે તો તેને મુકામ પ્રાપ્ત થાય છે. શિક્ષણનું મુખ્ય કામ મથામણ કરવાનું છે અને ત્યાંથી મુકામ સુધી પહોંચવાનું છે. આજે તો ટકાવારીના માહોલમાં લાઈન લાગી છે.

ક્રિયાત્મક સંશોધનએ શિક્ષણની ગુણવત્તા વધારવા માટેની એક ક્રમબધ્ધ પ્રક્રિયા છે અને તેના દ્વારા કોઈપણ સમસ્યાને હલ કરી શકાય છે.વિધાથીઓની સમસ્યા જાણી શકાય છે અને તેને દૂર કરવાના કારણો શોધી શકાય છે. શિક્ષણ એટલે માત્ર પાઠયપુસ્તકનું જ્ઞાન જ નહીં પરંતુ વ્યવહારું જ્ઞાન પણ જરૂરી છે.

બાળકોમાં જે આવડત છે તેને અવસરમાં રૂપાંતર કરવા માટે વર્ગ શિક્ષકે તેમજ વિષય શિક્ષકે મથામણ કરવી જોઈએ. ચિત્રકલામાં વિદ્યાર્થી પોતાની રીતે ચિત્ર દોરે અને તેમાં સારું ચિત્ર બનાવવા પ્રયાસ કરે ત્યારે તેને પ્રવીણતા પ્રાપ્ત થાય છે. સંશોધન એવી પ્રક્રિયા છે જેમાં તારણ અને એનાલિસિસ પ્રક્રિયા અનિવાર્ય હોય છે. જે તે વિષયમાં તેના વિભાગો અને મુદ્દાઓને સારાંશમાં તૈયાર કરી એનો અભ્યાસ કરવામાં આવે તો મૂળ સુધી પહોંચી શકાય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ બાબતોને સમાવિષ્ટ કરવામાં આવી છે. સ્કીલ અને કૌશલ્યને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.બાળકોમાં હકારાત્મક અભિગમ થકી કોઈપણ વિષયને રસિક બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોનો સહયોગ લઈ વર્ગકાર્ય કરાવવાનું સદભાગ્ય જે શિક્ષકો મેળવે છે. તેમના બાળકો સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીઅન્ય વિષયમાં એવા ક્ષેત્રો છે. બાળકોની હાયર ઓર્ડર થીંકીંગ ક્ષમતા નિર્માણ થાય છે. તેમને પ્રયોગો અને તેનું વર્ગીકરણ કરવાની આવડત કેળવાય છે. સામાજિક વિજ્ઞાનમાં બાળકો પ્રોજેક્ટ પદ્ધતિ દ્વારા વિષયવસ્તુને સારી રીતે તૈયાર કરી શકે છે. માત્ર એસાઈમેન્ટ આપી દેવાથી અથવા તો ગોખાઈ દેવાથી પરીક્ષામાં પાસ થઈ જશે પરંતુ જે તે વિષયના મૂળને સારી રીતે સમજી શકશે નહીં. પાયાનું જ્ઞાન પ્રયોગાત્મક વિજ્ઞાનમાં રહેલું છે.તેમને જાતે કાર્ય કરતા કરવાનું છે. વિદ્યાર્થીઓમાં આવડત તો હોય જ છે. માત્ર આપણે માર્ગદર્શક બનીને તેમની જ પાસે પ્રેમ અને સ્નેહથી કાર્ય લેવાની કુશળતા કેળવવાની આજના શિક્ષણ જગતમાં અનિવાર્યતા દેખાઈ રહી છે. શિક્ષણનો જે વ્યાપાર થઈ રહ્યો છે તેનો મૂળ કારણ ટકાવારીનુ દૂષણ છે. ગરીબ બાળકોમાં ઘણી બધી વિવિધતા અને વિશિષ્ટતા બંને રહેલી હોય છે.તેમને યોગ્ય પ્લેટફોર્મ આપીને ક્રિયાત્મક પ્રવૃત્તિ તરફ વાળવામાં આવે તો કદાચ અબ્દુલ કલામ, વિક્રમ સારાભાઈ અને સારા નાગરિકો નિર્માણ કરવાની ક્ષમતા પડેલી હોય છે. ક્રિયાત્મક પ્રવૃત્તિ શિક્ષક દ્વારા થશે તેનો મને નિજાનંદ છે. બાળકો દેશનું ભવિષ્ય છે. તેના માટે પગાર લઈએ એટલું તો કાર્ય કરીએ.

■

Mo.9825702282

# શિયાળામાં શરીર, ત્વચા અને આરોગ્યની ખાસ કાળજી



૬. શરદી-ખાંસીથી બચાવ
● ઠંડામાં નંગા પગ ન ફરવા દો
● શરદી લાગ્યાના લક્ષણો અવગણશો નહીં
● તાવ, સતત ખાંસી હોય તો તરત ડૉક્ટરને બતાવો
ઘરેલું ઉપાયમાં તુલસી-આદુનું પાણી (ઉંમરમુજબ)
૭. રમતો અને સૂર્યપ્રકાશ
● સવારનો હળવો તડકો બાળકો માટે લાભદાયી
● ઘર આંગણે રમવા પ્રોત્સાહ ન આપો
● બહુ વહેલી સવારમાં બહાર રમવું ટાળો

oooooooooooooooooooooooooooooooooooooooo

૮. રોગપ્રતિકારક શક્તિ વધારવા
● આમળા, નારંગી જેવા ફળ
● હળદરવાળું દૂધ
● સંતુલિત આહાર અને સ્વચ્છતા

શિયાળામાં સગર્ભાની વિશેષ સંભાળ

૧. ઠંડીથી રક્ષણ
● ઢીલા અને ગરમ કપડાં પહેરો
● પેટ, કમર અને પગ સારી રીતે ઢાંકી રાખો
● અચાનક ઠંડા પવનથી બચો
૨. પોષણયુક્ત આહાર
● ગરમ, તાજો અને સંતુલિત ખોરાક લો
● દાળ, લીલાશાક, દૂધ, ઘી, ખીચડી, સૂપ
● ડ્રાયફ્રૂટ્ સમર્યાદામાં (ડૉક્ટરની સલાહ મુજબ)
● વધુ તીખો, તેલિયો ખોરાક ટાળો
આયર્ન અને કેલ્શિયમયુક્ત આહાર ખાસ જરૂરી
૩. પાણી અને પ્રવાહી
● ઠંડામાં પણ પૂરતું પાણી પીવો
● હળવું ગરમ પાણી વધુ સારું
● નાળિયેર પાણી, સૂપ લાભદાયી
૪. ત્વચા અને શરીર સંભાળ
● ત્વચા શુષ્ક ન થાય તે માટે મોઈશ્ચરાઈઝર/તેલ
● ન્હાવા માટે બહુ ગરમ પાણી ટાળો
● પેટ અને છાતી પર નરમ તેલથી હળવો મસાજ (ડૉક્ટરની મંજૂરીથી)
૫. આરામ અને ઊંઘ
● પૂરતો આરામ લો
● ડાબીબાજુએ સૂવું વધુ લાભદાયી
● લાંબા સમય સુધી ઊભા ન રહો
૬. વ્યાયામ અને યોગ
● ડૉક્ટરની સલાહ મુજબ હળવો વ્યાયામ
● પ્રેગ્નન્સીયોગા અને વોકિંગ લાભદાયી
● થાક લાગે તો તરત આરામ કરો
૭. રોગોથી બચાવ
● શરદી-ખાંસીથી બચવા સ્વચ્છતા રાખો
● બીમાર વ્યક્તિથી અંતર રાખો
● કોઈપણ દવા ડૉક્ટરની સલાહ વિના ન લો
૮. નિયમિત તપાસ
● નિયમિત એન્ટિનેટલ ચેકઅપ
● રિપોર્ટ્સ અને દવાઓ સમયસર
● કોઈ અસામાન્ય લક્ષણ (ચક્કર, પેટદર્દ, રક્તસ્રાવ) તરત જણાવી દો
૯. માનસિક આરોગ્ય
● સકારાત્મક વિચાર રાખો
● તણાવ ટાળો, પરિવારનો સહારો લો
● પૂરતો આરામ અને આનંદદાયક પ્રવૃત્તિઓ



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
પ્રોફેસર, ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# બકો આજે કાંઈક નવાં અંદાજમાં હતો



બકો આજે કાંઈક નવાં અંદાજમાં હતો. હસતો હસતો, એકલો એકલો પોતાની જાત સાથે જ વાતો કરી રહ્યો હતો. 'જો આવું થઈ જાય તો તો ભયો ભયો. પછી કોઈ કરતાં કોઈની હાડી બાર નહીં. નાં કોઈ આગળ હાથ લાંબો કરવો ના આજીજી કરવી.

પણ ? આવું થશે ખરુ?'

વાત વાતમાં બોસનું ઘર ક્યારે આવી ગયુ એ જ ના હમજાયુ.

બોસ આજનું છાપું લયને હમાચાર તોળી રહ્યા હતા.

બકાએ આવતાં વેંત જ ધડાકો કર્યો.

"બોસ , આપણી આસપાસ કોઈ હારી નિહાળ ખરી ?"

"અરે ગાંડાભાઈ! સરકારી નિહાળ હંધીય હારી જ છે.

ઈ તો મારી- તમારી જેવાને એમ લાગે છે કે, સરકારી નિહાળમા માસ્તરો ભણાવતાં નથી. અને એટલે ખરસો કરીને 'ય છોકરાઓને શેરની પ્રાઈવેટ નિહાળમાં ભણાવા મૂકે છે."

"પણ બોસ, હંધાય પ્રાઈવેટ નિહાળના વખાણ કરે છે તો કાંઈક તો વાતમાં વજૂદ હશે ને !??"

"છે ને વજૂદ !! એનાં બિલ્ડીંગ હારા હોય, એના માસ્તરો રૂપાળા હોય, ભણાવતી છોકરીઓ નાની નાની હોય. એની ફી મોંઘી હોય, અને એનું દફતર મોટું હોય. બાકી વધારે ભણેલાં માસ્તરો સરકારી નિહાળમા જ હોય. વધારે પગારદાર માસ્તરો સરકારી નિહાળમા જ હોય. બાકી પ્રાઈવેટ નિહાળમા તો ચા પાણી નાસ્તાના માંડ માંડ થાય એટલો જ પગાર હોય છે.

હવે તું જ કહે સરકારી નિહાળમાં ઉંચી ડિગ્રી વાળા માસ્તરો હોય. પ્રાઈવેટ નિહાળમા ડિગ્રી વગરના માસ્તરો હોય. પછી કોણ હારુ ભણાવે ?

પણ બકા, આ ઉંમરે હવે તારે હારી નિહાળની હું જરૂર પડી?"

"મારે નહીં બોસ, મારી ઘરવાળીને."

"તારી ઘરવાળી ને હવે ભણવું છે?"

"ના..આ..! એ આમ તો ભણેલી જ છે. પણ !??"

"પણ શું ? એ ક્યાં સુધી ભણેલી છે?"

"રોંઢા લગણ ભણી છે."

"રોંઢા લગણ મતલબ ? કેટલાં ધોરણ?"

"આમ તો ઈ ચાર પાંચ ચોપડી ભણી છે. પણ, લખતાં વાંચતાં હારુ આવડે . નો લખ્યું હોય ઈય વાંચી હકે છે. "

"એ હું કાંઈ હમજયો નહીં. પણ , લખ્યાં વગરનું વાંચે એ લગભગ અભણ હોય. આવાં ભણેલાં લગભગ ચૂંટણીમાં હાલી જાય."

"એટલે હવે તારે તારી ઘરવાળીને ચૂંટણીમાં ઊભી રાખીને સરપંચ બનાવવી છે? અને તારે સરપંચ પતિ બનીને કારોબાર હકાવવો છે? જેમ હંધાય હકાવે છે એમ."

"ના રે ના બોસ. ગામડાં ગામનો સરપંચ કરી કરીને કેટલું 'ક કરી હકે? (કામ હોં) બીજું કાંઈ હમજતા નહીં."

"તો પછી તારે તારી ઘરવાળીને શું બનાવવી છે? અને ક્યાં લગણ ભણાવવી છે?"

"બોસ! એમાં ઈ ભણતરમાં મને કાંઈ જાજો ટપ્પો નો પડે. પણ, ઓલ્યા મોટાં મોટાં સાહેબ નો હોય! ન્યા લગણ ભણાવવી છે. એટલે હારી નિહાળ હોય તો જ ન્યા લગણ પોગી હકાય ને !!?"

"એટલે ન્યા લગણ ભણાવીને પછી હું કરવું છે?"

"ભૂખ ભાંગવી છે. કેટ -કેટલી 'ય પેઢીથી ભૂખ ભેખડે ભરાણી છે."

"ભૂખ તો માસ્તરાણી બનાવ તો ય ભાંગી જ જાહે. માસ્તરોને પચાહ હજાર, લાખ લાખ રૂપિયા પગાર સરકાર આપે છે. તારી ભૂખ વળી કેવડી 'ક હશે !?"

"ના બોસ ના. આ ભૂખ એમ લાખ રૂપિયામાં ભાંગે એમ નથી. હવે એવી ભૂખ લાગી છે, આ ભૂખે હવે મોટું મોઢું ફાડયુ છે."

"તો પછી, તારી ઘરવાળીને લાં..બુ ભણાવીને લાં..બો ટૂંકો ખરસો કરવો પડશે. પૈસાની જોગવાઈ કેવડી 'ક છે? આમાં પેલાં રૂપિયાનો કોથળો ભરીને તૈયાર રાખવો પડશે."

"મેં તો હાંભળ્યું છે કે, સરકાર બૈરા માણહને મફત ભણાવે છે."

"ઈ વાત તારી હાસી છે. પણ , આવાં રોંઢા હુધી ભણેલા એમાં નો હાલે. રાત દિવસ એક કરવાં વાળા જ એમાં હાલે."

"હવે થોડીઘણી લાગવગ અને થોડીઘણી ઘાલમેલ કરીને ઓલ્યા રાજકારણીઓ કરે છે, એમ કરીને ક્યાંક ગોઠવી દો ને." (ઓલ્યુ હમણાં પી એચ ડી ની ડિગ્રીનું નહોતું હાલ્યું)

"પણ મને ઈ નથી હમજાતું કે, હવે તારે પાકે ઘડે કાંઠા કાં ચડાવવા છે!?"

"ભૂખ ભાંગવા. પેલાં તો કીધું. ઈ ભણ્યા વગર હવે ભૂખ ભાંગે એમ લાગતું નથી."

"હા પણ, તને આ રવાડે કોણે ચડાવ્યો? ઈ પરીક્ષાનું પરિણામ પાંચ જ ટકા આવે છે. ઈ તને ખબર છે ?" "મારે ઈ કાંઈ જાણવું નથી. મને તો અત્યારે ઝાંસીની રાણી નહીં. ઝાંસીની 'પ્રભા ભંડારી 'દેખાય છે. તમે જ લ્યો, આ છાપું વાંચો. અને ફોટો તો જૂઓ..! રૂપિયાનો આખો કબાટ ભર્યો છે."

અભણ અમથાલાલે વચ્ચેથી છાપું લીધું.

એની આંખો ચાર થઈ ગઈ. "બાયુ માણહ આટલી મોટી જીગર કરી હકે !? આતો ભાયડાને 'ય ભુ પાઈને ભારે પડે એવી બાઈ છે. (વધું આવતાં અંકે)



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# જાણો..દેશ-દુનિયામાં થતા જાત-જાતના ફ્રોડ !

આજે કોઈપણ અખબાર હાથમાં લેશો તો સામે પહેલા જ કોઈને કોઈ પ્રકારના ફ્રોડના કિસ્સાના મોટાં હેડિંગ વાંચવા મળશે. અખબારો, ન્યૂઝ ચેનલો, સોશિયમ મીડિયા રોજેરોજ અસંખ્ય કિસ્સાને પ્રકાશિત કરી મારી-તમારી સૌની જાગૃતિ માટે બનતા તમામ પ્રયાસ કરી છૂટે છે. તો સરકારી તંત્ર પણ મોટી મોટી જાહેરાતો અને સોશિયલ પ્લેટફોર્મથી જનતાને જાગૃત કરવા કંઈ કેટલાય પ્રયાસ કરવાની સાથે જરૂરી મોબાઈલ કે હેલ્પલાઈન નંબરો પણ જણાવે છે. તેમ છતાં રોજેરોજ ફ્રોડના એટલા જ કિસ્સા બન્યા કરે છે. તો શું આપણે ફ્રોડ બાબતે સજાગ નથી? શું તંત્ર સજાગ નથી? ચૂક ક્યાં થાય છે..આપણને કંઈ સમજાતું નથી. તો વાત એમ છે કે, આપણને પોતાને જ ફ્રોડ વિશે પૂરતી ખબર કે સમજ નથી, એટલે આપણે તેનો શિકાર બનતા જઈએ છીએ. આજે જાણી લઈએ કે દેશ-દુનિયામાં કેટલી જાતના ફ્રોડ થાય છે? કયા ફ્રોડને શું કહે છે? આપણે આવા ફ્રોડને સમજૂતીપૂર્વક વાંચી લઈએ, એ પછી ઘરની મહિલાઓ અને બાળકોને પણ જણાવી-સમજાવી દઈએ..તો શક્ય છે કે, આપણે અને આપણો પરિવાર આવા ફ્રોડથી સત્વરે બચી શકીશું.!

**(૧) સોશિયલ મીડિયા સંબંધી ફ્રોડ :** આજકાલ લોકો સોશિયલ મીડિયાનો ખૂબ ઉપયોગ કરી રહ્યા છે. કોઈ વેપાર માટે તો કોઈ મનોરંજન માટે, કોઈ ગપશપ માટે તો કોઈ નવા મિત્રો બનાવવા માટે વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ, ટ્વિટર, યુટ્યુબ, ટિકટોક જેવી એપ્લિકેશનથી સતત એકબીજાના સંપર્કમાં રહે છે. જો કે, અહીં તમારી સાથે છેતરપિંડી કરવા માટે ઘણા અસામાજિક સાઈબર તત્ત્વો તમને મુશ્કેલીમાં મૂકી શકે છે. જેમ કે,સોશિયલ મીડિયામાં અન્ય વ્યક્તિના નામે ફેક પ્રોફાઈલ બનાવવી, સોશિયલ મીડિયા પર અન્ય વ્યક્તિના પ્રોફાઈલ પેજ હેક કરવા, અન્ય વ્યકિતના ફોટો-વીડિયો અનધિકૃત રીતે અપલોડ કરવા, કોઈ વ્યકિત વિશે અપશબ્દોનો પ્રયોગ, બિભત્સ ભાષા, સાહિત્ય કે પોર્નોગ્રાફી, સાઈબર બુલિંગ, ફેક ન્યૂઝ કે ખોટી અફવા ફેલાવવી, ધર્મ, જાતિ, ભાષા કે પ્રાંતને નિશાન બનાવી કોઈની લાગણીને ઠેસ પહોંચાડવી કે તેવી માહિતી, ફોટા કે વીડિયો અપલોડ કરવા, ટેગ કે શેર કરવા પણ ગંભીર ગુનો બને છે.

**(૨) ઓનલાઈન ડેબિટ-ક્રેડિટ કાર્ડ ફ્રોડ :** પહેલાંના સમયમાં હાથમાં છરી જેવા હથિયાર લઈ અસામાજીક તત્ત્વો લૂંટ ચલાવતા, પણ હવે તમારા ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડમાં આયોજનપુર્વક ક (વન ટાઈમ પાસવર્ડ)થી લાખો-કરોડો રૂપિયાની ઉઠાંતરીના કિસ્સા બને છે. નાગરિકોને ફોન પર બેંક મેનેજર/કર્મચારી કે આરબીઆઈના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી વિશ્વાસ કેળવી તેમના મોબાઈલ ફોન પર આવેલા ઓટીપી ઉપરાંત ડેબિટ/ક્રેડિટ કાર્ડની મહત્ત્વપૂર્ણ માહિતી મેળવી ખાતામાંથી મોટી રકમ ઉપાડી લે છે.

**(૩) જોબ ફ્રોડ (નોકરી સંબંધી ફ્રોડ) :** નોકરી સંબંધી લાલચ આપી છેતરપિંડી આચરવી એ સૌથી સરળ અને ઘણાં બધાં લોકોને છેતરવાનો સાઈબર અપરાધીનો ધીકતો ધંધો છે. સામાન્ય રીતે નાગરિકો નોકરી મેળવવા જુદી-જુદી વેબસાઈટ પર એપ્લાય કરતા રહે છે, આવા લોકોની માહિતી યેનકેન પ્રકારે મેળવીને નોકરી ઈચ્છતા લોકોનો ફોન કે ઈમેલથી સંપર્ક કરી સાઈબર અપરાધી તેમનો વિશ્વાસ કેળવી જુદી-જુદી પ્રોસેસિંગ ફીના બહાના હેઠળ નાણાં પડાવી આર્થિક નુકશાન પહોંચાડવા જેવા ગુનાઈત કૃત્ય આચરે છે.

**(૪) મેટ્રિમોનિયલ ફ્રોડ :** લગ્ન માટે જીવનસાથી શોધતા-શોધતા જીવનસાથીના બદલે સાઈબર અપરાધીઓનો ભેટો થઈ જાય તેવા સંખ્યાબંધ કિસ્સા સામે આવ્યા છે. સુખદ લગ્ન જીવનના સપનાં જોતા ઘણાં લોકો સાથે વર/કન્યાના નામે છેતરપિંડીની ઘટના બને છે. ઓનલાઈન મેટ્રિમોનિયલ વેબસાઈટ પર સ્ત્રી કે પુરૂષ જ્યારે રજીસ્ટ્રેશન કરાવે ત્યારે તેમને સપનેય ખ્યાલ હોતો નથી કે સાઈબર ક્રિમિનલ પણ આ જ વેબસાઈટ પર શિકાર શોધી રહ્યો છે. મોટા ભાગના કિસ્સામાં તમારી તમામ વિગતો મેળવી, વિશ્વાસ કેળવી, બનાવટી વાતો અને નકલી ઓળખ આપી તમને આર્થિક નુકશાન પહોંચાડવા થતી પ્રવૃત્તિ એટલે મેટ્રિમોનિયલ ફ્રોડ.





જીવન તરંગ
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# કીડીની હવાઈ સફર




એક નાનકડી કીડી હતી. તેનું નામ હતું કીટ્ટુ. કીટ્ટુ બહુ જ જિજ્ઞાસુ હતી. તેને હંમેશાં વિચાર આવતો કે, "આ પક્ષીઓ આટલાં ઊંચે ઊડે છે, તો ઉપરથી દુનિયા કેવી દેખાતી હશે? મને પણ ઊંચે આકાશમાં ઊડવા મળે તો મજા પડે મજા!" પણ કીટ્ટુ તરત વિચારતી, 'મારે ક્યાં પાંખો છે તો હું ઊડું!'

એક દિવસ બપોરે કીટ્ટુ બગીચામાં રમતી હતી. ત્યાં તેણે એક મોટો લાલ રંગનો ફુગ્ગો જોયો. ફુગ્ગો એક ઝાડની ડાળીમાં ફસાયેલો હતો અને તેની લાંબી દોરી નીચે લટકતી હતી. કીટ્ટુને તો મજા પડી ગઈ! તે દોરી પકડીને સડસડાટ ઉપર ચડી ગઈ. જેવી તે ફુગ્ગા ઉપર પહોંચી, ત્યાં જ જોરથી પવન આવ્યો!

ફુગ્ગો ડાળીમાંથી છૂટો થઈ ગયો અને હવામાં ઊડવા લાગ્યો! પહેલાં તો તે થોડી ડરી ગઈ, પણ પછી તેને યાદ આવ્યું કે આ તો તેની "હવાઈ સફર"છે. તેણે ફુગ્ગાને મજબૂત પકડી લીધો. તેણે નીચે જોયું તો ગાય એક નાનકડા ટપકા જેવી દેખાતી હતી. હાથીભાઈ તો જાણે રમકડાના હોય તેવા લાગતા હતા!

કીટ્ટુ જોરથી બોલી, "અરે વાહ! જાણે હું વિમાનમાં બેઠી હોઉં એવું લાગે છે!"

ત્યાં જ સામેથી એક કાગડાભાઈ આવ્યા. કાગડાએ લાલ ફુગ્ગો જોયો અને તેને લાગ્યું કે આ કોઈ મોટું ફળ છે. કાગડાએ તો મારી ચાંચ. જેવી એણે ચાંચ મારી તરત ફુગ્ગો ફટાક કરતો ફૂટી ગયો. કીટ્ટુ તો હવામાં ગોથાં ખાવા લાગી. તે "બચાવો, બચાવો" બૂમો પાડવા લાગી. પણ નસીબજોગે, તે એક સૂકા પાંદડા પર પડી જે હવામાં ઊડી રહ્યું હતું. હવે પાંદડું તેનું પેરાશૂટ બની ગયું.

ધીમે ધીમે પાંદડું નીચે આવવા લાગ્યું. કીટ્ટુને નીચે એક તળાવ દેખાયું. પાંદડું બરાબર તળાવના કિનારે બેઠેલા એક દેડકાભાઈની પીઠ પર જઈને પડ્યું!

દેડકાભાઈ તો ચમકી ગયા, "ડ્રાઉં... ડ્રાઉં... આ કોણ પડ્યું મારી પીઠ પર?"

કીટ્ટુ હસીને બોલી, "દેડકાભાઈ, એ તો હું કીટ્ટુ! તમે જરાય ડરશો નહિ. એ તો હું આકાશની સફર કરીને આવી છું!" દેડકાભાઈને વિશ્વાસ ન આવ્યો, પણ કીટ્ટુની હિંમત જોઈને બધા પ્રાણીઓ તેને 'પાયલોટ કીડી' કહેવા લાગ્યા.



રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "I. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

## અમરેલી ખાતે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત

# ૧૭મા સમૂહલગ્નોત્સવમાં ૨૯ યુગલો લગ્નગ્રંથી જોડાયા






અમરેલી,તા.૦૩

અમરેલી ખાતે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૭મા સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન પ્રમુખશ્રી ડી કે રૈયાણીની આગેવાનીમાં સફળ રીતે સંપન્ન થયું,જેમાં લેઉવા પટેલ સમાજના ૨૯ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. જેમાં સમાજના આગેવાનોએ વર કન્યાના માતા પિતા બની સવારમાં આઠ કલાકે મંડપ મુરતમાં માણેક સ્થંભ રોપ્યા હતા.સાંજના ૫ કલાકે વર કન્યાઓ, દાતાશ્રીઓ અને મહેમાનોને વાજતે ગાજતે પુષ્પવૃષ્ટિ અને કુમકુમ તિલક કરીને લગ્ન મંડપ સ્થળે આવકારીને ખૂબ જ બહોળી જનમેદની વચ્ચે લગ્નવિધિ અને દાતાઓનો સત્કાર સમારંભ યોજાયો હતો. ટ્રસ્ટના પ્રમુખ ડી.કે.રૈયાણીએ સૌનું શબ્દોથી સ્વાગત કરીને સમાજ સેવાને બિરદાવી હતી અને લેઉવા પટેલ સમાજની વાડીના નિર્માણ માટે દાતાશ્રીઓને સહયોગ માટે અપીલ કરી હતી. ખોડલધામ નેસડીથી પૂજ્ય લવજી બાપુ અને ભોજલરામ ફતેપુરથી પૂજ્ય ભક્તિરામ બાપુએ આશીર્વાદ પાઠવ્યા હતા.લેઉવા પટેલ વાડીના સ્વપ્ન દ્રષ્ટા અને સમૂહલગ્નના મુખ્ય દાતા સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીએ અધ્યક્ષ સ્થાનેથી જોર્ડનથી સંબોધન કર્યુ હતું. અને દાતાઓ વિપુલભાઈ સાવલિયા, ચુનીલાલ પાનસુરીયા, વસંતભાઈ ગજેરા, ગોપાલભાઈ ચમારડી, અમિતભાઈ સંઘાણી,મહેશભાઈ કસવાલા, કાળુભાઈ ભંડેરી,કાંતિભાઈ વઘાસીયા, મનીષભાઈ સંઘાણી, હિરેનભાઈ હીરપરા,પ્રતાપભાઈ દુધાત, ગોપાલભાઈ વસ્તરપરા, જેનીબેન ઠુંમર,મુકેશભાઈ સંઘાણી, અતુલભાઈ કાનાણી, વસંતભાઈ મોવલીયા, દિનેશભાઇ ભુવા,રમેશભાઈ કાથરોટીયા સહિત સૌ એ સફળ આયોજન બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સવારે હાજરી આપી હતી. નારણભાઈ કાછડીયા, પરેશભાઈ ધાનાણી, વિરજીભાઈ ઠુંમર અને ભરતભાઈ સુતરીયાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. સંતો મહંતો,સામાજિક રાજકીય અગ્રણીઓ,દાતાઓના સ્વાગત સન્માન ટ્રસ્ટના હોદ્દેદારોના વરદ હસ્તે કરવામાં આવ્યા હતા.તમામ યુગલોને મંચ પર બેસાડી લગ્ન પ્રમાણપત્ર આપીને સૌએ શુભેચ્છા પાઠવીને વિદાય આપી હતી. દીકરીઓને કરિયાવર અને કુંવરબાઈનું મામેરું તેમજ સાત ફેરા સમૂહલગ્નની સહાય માટેની તમામ વિધિ પણ ટ્રસ્ટની ટીમ દ્વારા કરી આપવામાં આવી હતી. સમૂહ લગ્ન ઉત્સવમાં સમાજના યુવાનોએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યુ હતું. ઉપસ્થિત સૌ મહેમાનોએ ભોજન પ્રસાદ લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા કોર કમિટી,કારોબારી સમિતિ, સલાહકાર સમિતિ,વેવિશાળ સમિતિ અને વિવિધ સ્વયંસેવક સમિતિના સભ્યોએ આપેલ યોગદાન બદલ રાજેશભાઈ માંગરોળીયાએ આભાર વિધિ કરી હતી અને અંતમાં પ્રમુખ ડી.કે.રૈયાણીએ સમગ્ર ટીમ સહિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સમાજના રાજસ્વી મહાનુભાવો અને દાતાઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા

# કોડીનાર પોલીસની મોટી કાર્યવાહી: ૧૮.૮૦ લાખની કિંમતના વિદેશી દારૂ પર બુલડોઝર ફરી વળ્યું


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબિશનના ગુનાઓમાં જપ્ત કરાયેલા વિદેશી દારૂના જથ્થાનો આજે જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો. જુનાગઢ રેન્જ આઈ.જી. નિલેશ જાંજડીયા અને એસ.પી. જયદિપસિંહ જાડેજાની સૂચના મુજબ, કોડીનારની સુગર ફેક્ટરી ગ્રાઉન્ડ ખાતે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા એક વર્ષ દરમિયાન (૦૯/૦૨/૨૦૨૫ થી ૦૮/૦૧/૨૦૨૬) અલગ-અલગ ૧૫૧ દરોડાઓમાં પકડાયેલી વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને ટીન મળી કુલ રૂ. ૧૮,૮૦,૦૩૨/- ના મુદ્દામાલ પર રોલર ફેરવી તેને નષ્ટ કરાયો હતો. નામદાર કોર્ટના હુકમ બાદ રચાયેલી પ્રોહીબીશન કમિટીના સભ્યો, નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરી, મામલતદાર અને નશાબંધી અધિકારીની પ્રત્યક્ષ હાજરીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. વણારકા અને તેમની સર્વેલન્સ સ્કોડની ટીમે આ સમગ્ર કામગીરીમાં જેહમત ઉઠાવી હતી. આ કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# વાવેરા-વીજપડી રોડ પર પાઈપલાઈન એજન્સીની ઘોર બેદરકારીએ એકનો જીવ લીધો : તંત્રના પાપે સર્જાયા 'મોતના ખાડા'



રાજુલા, તા.૦૩

વાવેરાથી વીજપડી તરફ જતાં મુખ્ય માર્ગ પર ચાલી રહેલી પાઈપલાઈન કામગીરીમાં એજન્સીની ગંભીર બેદરકારીને કારણે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને રોષનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાઈપલાઈન નાખતી એજન્સી દ્વારા રસ્તા પર ઠેર-ઠેર ઊંડા ખાડાઓ કરવામાં આવ્યા છે, પરંતુ કામગીરી બાદ તેને યોગ્ય રીતે પૂરવામાં આવતા નથી. વળી, રસ્તા પર કોઈ પણ પ્રકારના સુરક્ષા સાધનો, બેરિકેડ્સ કે ચેતવણીના બોર્ડ મૂકવામાં આવ્યા ન હોવાથી રાત્રિના સમયે વાહનચાલકો માટે આ માર્ગ 'ડેથ ટ્રેપ' સમાન બની ગયો છે. સ્થાનિક આગેવાન કનુભાઈ ઘાખડા દ્વારા આ બાબતે અગાઉ અમરેલી સુધી તંત્રને અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી, તેમ છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. પરિણામે એક નિર્દોષ વ્યક્તિનો ભોગ લેવાયો છે. આ અકસ્માત બાદ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોએ ઉગ્ર આક્રોશ વ્યક્ત કરતા માંગણી કરી છે કે, પાઈપલાઈનનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે, જોખમી ખાડાઓ તાત્કાલિક યોગ્ય મટીરિયલથી પૂરવામાં આવે અને લાપરવાહ એજન્સી સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. જો આગામી દિવસોમાં તંત્ર દ્વારા નક્કર પગલાં ભરવામાં નહીં આવે તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# કોડીનારની જવાહર નવોદય વિદ્યાલયમાં આચાર્ય ભરતમુનિની જન્મજયંતીની ઉજવણી



કોડીનાર,તા.૦૩

'સંસ્કાર ભારતી, ગીર સોમનાથ' દ્વારા કોડીનારની જવાહર નવોદય વિદ્યાલયમાં આચાર્ય ભરતમુનિની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય એસ. વી. પાટીલ દ્વારા 'જીવનમાં કલાની ઉપયોગીતા' વિશે પ્રવચન આપવામાં આવ્યું. સંગીત શિક્ષક જીગ્નેશ ગોંડલીયા અને અરવિંદ ગોસ્વામીએ આચાર્ય ભરતમુનિના જીવન વિશે અને એમના ગ્રંથ 'નાટ્યશાસ્ત્ર' વિશે માહિતી આપી. સંગીત શિક્ષક સંજય ગોઢણીયા અને વિદ્યાર્થીઓએ નૃત્ય સંગીત અને પોતાની કલા દ્વારા આચાર્ય ભરતમુનિને અંજલી આપી હતી. શિક્ષક જિગ્નેશભાઈ ગોંડલીયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. સંસ્કાર ભારતી ગીર સોમનાથ તરફથી સુરુભાઈ જાડેજા અને હેતલબેન ચાંદેગરા તેમજ દરેક કાર્યકરોએ કામગીરી બિરદાવી હતી.

# ઉનામાં ચિક્કાર નશામાં યુવાને મહિલા સહિતનાઓને બેફામ ગાળો આપી



ઉના,તા.૦૩

ઉનામાં આનંદ જોશી નામનો યુવાન પોતાની અલ્ટો કારમાં ફૂલ નશામાં ઓમકાર ચોક પહોંચ્યો હતો. ત્યાં એક પાર્લર પાસે જઈ મહિલા સંચાલક અને ત્યાં ઉભેલા લોકો પર બિભત્સ શબ્દોનો વરસાદ કરી હંગામો મચાવ્યો હતો. ડરી ગયેલા મહિલા સંચાલકે તાત્કાલિક '૧૧૨' પર પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.પોલીસ સ્થળ પર પહોંચતા જ આરોપી આનંદ જોશીએ ડરવાને બદલે અલ્ટો કારના દરવાજા અને કાચ અંદરથી લોક કરી દીધા હતા. પોલીસે વારંવાર વિનંતી કરી તેને બહાર આવવા કહ્યું, પરંતુ તેણે નશામાં પોલીસ સાથે પણ જીભાજોડી કરી હતી.

# જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ કેન્દ્રીય બજેટને આવકાર્યું

**બજેટમાં ૨૦૪૭ના વિકસિત ભારત વિઝનનો રોડ મેપ**



અમરેલી, તા.૦૩

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ તાજેતરમાં નાણાં મંત્રી નિર્મલા સીતારામને રજૂ કરેલા કેન્દ્રીય બજેટને આવકારીને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યો છે ત્યારે હાલનું બજેટ દેશમાં લાંબાગાળાના સર્વાંગીણ વિકાસનો પાયો નાખનાર સાબિત થશે. આ બજેટમાં નેશનલ હાઈવે, રેલ પ્રોજેકટ ઉપરાંત દરિયાઈ માર્ગ અને તેના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. નાના વેપાર-ધંધા તથા લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેમજ વધુ રોજગારીનું સર્જન થાય એ હેતુસર માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. સેમી કંડકટર, કન્ટેન્ટ ક્રિએટ, એનિમેશન, પ્રોડક્શન તેમજ એ. આઈ. ટેકનોલોજી સેક્ટરને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. કેન્સર જેવી જીવલેણ બિમારીમાં ઉપયોગી જીવન રક્ષક દવાઓ પરથી ડ્યુટી નાબુદ કરી દર્દીઓને રાહત આપી છે. પ્રગતિશીલ ખેડૂતોને માર્કેટ, યુવાનોને શિક્ષણ, શ્રમિકોને રોજગાર સહિત ભાવિ આયોજન માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરતું બજેટ છે.


**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૫/૨૬ — તા.૨૯/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી વિઠલભાઈ કરશનભાઈ કોલડીયા,
રહે.મુ.વાવડી, તા.બાબરા, જિ.અમરેલી મો. ૮૧૪૦૧૦૭૮૫૧
અરજદારના વકીલશ્રી નીલેશ પી. વસાણી

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી વાવડી
વાવડી ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના વાવડી ગામના રહીશ આ કામના અરજદારના પત્ની લાભુબેન વિઠલભાઈ કોલડીયાનું મરણ તા.૧૯/૧૦/૧૯૮૪ ના રોજ મોજે. વાવડી, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭/૦૧/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૪/૨૬ — તા.૨૯/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી રમેશભાઈ કરમશીભાઈ પીલુકીયા,
મુ. મીયા ખીજડીયા, તા.બાબરા, જિ.અમરેલી મો. ૮૪૬૯૫ ૫૬૨૫૮
અરજદારના વકીલશ્રી નીલેશ પી. વસાણી

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મીયા ખીજડીયા
મીયા ખીજડીયા ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના મીયા ખીજડીયા ગામના રહીશ આ કામના અરજદારના પુત્ર શ્રી પ્રદીપ રમેશભાઈ પીલુકીયાનો જન્મ તા.૨૧/૧૧/૨૦૦૭ ના રોજ મુ.મીયા ખીજડીયા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭/૦૧/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**ધારીના મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં**

જ.મ. અપીલ રજી નં. ૬૦/૨૦૨૬ — તા.૨૨/૦૧/૨૦૨૬

અરજદાર :- શ્રી જટાશંકરભાઈ મોહનભાઈ મહેતા,
રહે.એ-૧૨ મધુવનપાર્ક, લાઠી રોડ, તા.જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફીસરશ્રી, ચલાલા નગરપાલિકા,
રહે.ચલાલા, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ચલાલા ગામ તાલુકા ધારી અરજદારશ્રી એ તેઓના પુત્ર રવિન્દ્રકુમાર જટાશંકર મહેતાનો જન્મ તા.૦૨/૦૭/૧૯૭૭નાં રોજ ચલાલા ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી

**CHANGE OF NAME**

I The Undersigned Bhavya Hiteshbhai Shah. Here by declare that I have change My Name Bhavya Hiteshkumar Shah To Bhavya Hiteshbhai Shah. Now onwards I Would be known as Bhavya Hiteshbhai Shah.

Bhavya Hiteshbhai Shah
B-18, Avadh Recidency, chital Road,
Amreli(Gujarat) Amreli-365601

### વેપારીઓને ખોટા ચેક આપી ગેલ્વેનાઇઝના પાઈપોની ખરીદી કરી છેતરપીડી આચરનારા

# રાજુલા પોલીસે ત્રણ આરોપીઓને પાઈપ સાથે ઝડપી પાડ્યા

અમરેલી, તા.૦૩

રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરીને મેળવેલ મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાની ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે જૂની કાતર રોડ પર સરકારી પડતર જમીનમાં અમુક શખ્સો શંકાસ્પદ મુદ્દામાલ સગેવગે કરી રહ્યા છે. પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા, જ્યારે એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પકડાયેલા શખ્સોની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપીઓએ ગત તા. ૩૧/૦૧/૨૦૨૬ના રોજ ગીરસોમનાથના ધોકડવા ગામના વેપારીને "ડેડાણ ગામે સરકારી ગૌશાળાનો શેડ બનાવવો છે" તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. આરોપીઓએ ખોટા ચેક આપીને મોટા પ્રમાણમાં ગેલ્વેનાઈઝ પતરા અને પાઈપોનો મુદ્દામાલ મેળવ્યો હતો. આ મુદ્દામાલ તેઓ તા. ૦૩/૦૨/૨૦૨૬ના રોજ પાલીતાણા ખાતે વેચવાની પેરવીમાં હતા, પરંતુ તે પહેલા જ પંકજભાઈ ઉર્ફે જીગો લાલજીભાઈ નવાડીયા રહે. પાલીતાણા, વિજયભાઈ ઉર્ફે ખીર નરશીભાઈ પરમાર રહે.પાલીતાણા, બહારપરા તા.પાલીતાણા, બાબુભાઈ રતિભાઈ ગોહીલ રહે. પાલીતાણા, બહારપરા તા.પાલીતાણા જી.ભાવનગર પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે હાલ તમામ મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે અશરફભાઈ ઉર્ફે આપા ગફારભાઈ જુણેજા રહે.પાલીતાણા, બહારપરા તા.પાલીતાણા નાસી છુટવામાં સફળ રહ્યો હતો.



### આરોપીઓ પાસેથી મળેલ મુદ્દામાલની વિગત

અલગ અલગ ગેલવેનાઇઝ પાઇપો નંગ-૯૨ કી.રૂ.૧,૭૪,૦૦૦/- તથા ગેલવેનાઇઝ પતરા નંગ.-૪૨ કી.રૂ. ૯૨,૪૦૦/- કુલ નંગ-૧૩૪ ની .કી.રૂ.૨,૬૬,૪૦૦/- એક આરોપી પાસેથી એક કોરો ચેક, મોબાઇલ નંગ- ૦૩ કુલ કી.રૂ.કી.રૂ.૩૩,૦૦૦/-કુલ. રૂ.૨,૯૯,૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

### આરોપીએ આપેલ ગુન્હાની કબુલાત

આજથી આશરે એક મહીના પહેલા અમરેલી જીલ્લાના બગસરામા આવેલ ખોડીયાર આઇરોન ડેપોના વેપારી મીતેશભાઇ કટેશીયાનો ફોનથી સંપર્ક કરી અને ૪,૮૮,૭૦૦/- ના અલગ અલગ કંપનીના ગેલવેનાઇઝ પતરા તથા પાઇપો મગાવી અને ખોટા ચેક આપી છેતરપીંડી કરેલ હતી.૧૫ દિવસ પહેલા જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે આવેલ અંજની સ્ટીલ જેના સંચાલક વિપુલભાઇ શેખડા સાથે ફોનથી સંપર્ક કરી અને ૫,૦૪,૫૬૩/- ના અલગ અલગ કંપનીના ગેલવેનાઇઝ પતરા તથા પાઇપો મગાવી અને ખોટા ચેક આપી છેતરપીંડી કરેલ હતી બે માસ પહેલા મહુવા તાલુકાના મહુવા ગામે આવેલ મોદી સ્ટીલ તથા બાપા સીતારામ ટ્રેડર્સના બન્ને વેપારી પાસેથી અલગ અલગ દિવસે જેમા પ્રથમ મોદી સ્ટીલ પાસેથી રૂ.૪,૫૨,૭૪૨/- ના અલગ અલગ કંપનીના ગેલવેનાઇઝ પતરા તથા પાઇપો મગાવી અને ખોટા ચેક આપી છેતરપીંડી કરેલ હતી અને બાપાસીતારામ ટ્રેડર્સ ના વેપારી ધીરૂભાઇ પાસેથી રૂ. ૩,૧૬,૯૭૨/- ના અલગ અલગ કંપનીના ગેલવેનાઇઝ પતરા તથા પાઇપો મગાવી અને ખોટા ચેક આપી છેતરપીંડી કરેલ હતી.ત્રણ માસ પહેલા તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ તળાજા શહેરમા આવેલ પાલીતાણા ચોકડી પર આવેલ નેશનલ રૂફીંગ સોલ્યુશનના વેપારી પાસેથી રૂ.૨,૩૦,૦૦૦/- ના અલગ અલગ કંપનીના ગેલવેનાઇઝ પતરા તથા પાઇપો મગાવી અને ખોટા ચેક આપી છેતરપીંડી કરેલ હતી.

### આરોપીઓની મોરસ ઓપરેન્ડી

આ કામના આરોપીઓ એક બીજા સાથે મળી અને અલગ અલગ જીલ્લાઓના અલગ અલગ શહેરોમા આવેલ સ્ટીલના વેપારીઓનો રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી અને જે વેપારીનો સંપર્ક કરે તેના નજીકના કોઇ ગામમા સરકારી કામ અથવા ગૌશાળા બનાવવા માટે શેડની જરૂરીયાત હોય જેથી VK Enterprise નામનો ખોટો ચેક તથા ખોટા જી.એસ.ટી નંબર આપી અને વેપારીને વિશ્વાસમા લઇ અને અલગ અલગ ચીજવસ્તુ ખરીદી લે અને રૂપીયા બીલ આવ્યે અથવા ખોટો વાયદો આપી અને સ્થાનિક વાહનમા ભરાવી લઇ અને સરકારી પડતર ખુલ્લી જગ્યા કે કોઇ અવાવરૂ જગ્યાએ ખાલી કરાવી અને બાદ બીજુ વાહન મંગાવી અને તેમા ભરી લઇ અને પાલીતાણાની આસપાસના વિસ્તારમા વેચી નાખતા અને વેપારી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી અને ગુન્હો આચરતા હોવાનુ પોલીસને જણાવ્યું હતુ.

# રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ વિસ્તારમાં યુવાનની હત્યા

રાજકોટ,તા.૦૩

રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ વિસ્તારમાં આજે એક લોહિયાળ હત્યાની ઘટના સામે આવી છે. આશરે ૪૦થી ૪૫ વર્ષની ઉંમરના એક યુવાનને છરીના અનેક ઘા ઝીંકીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ લાશ લોહીલુહાણ હાલતમાં જોવા મળી હતી, જેના કારણે આખા વિસ્તારમાં ભય અને આક્રોશનો માહોલ સર્જાયો હતો.આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને લાશની તપાસ કરીને તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી હતી. પોલીસે હત્યાના આરોપીઓની શોધખોળ શરૂ કરી દીધી છે. હત્યા કોણે કરી અને શા માટે કરવામાં આવી તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી આરોપીઓની ઓળખ થઈ નથી.આ ઘટનાએ રાજકોટના સ્પીડવેલ વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો છે અને સ્થાનિકોમાં સુરક્ષાની ચિંતા વધી ગઈ છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં CCTV ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે તપાસ તેજ કરી છે. આરોપીઓને ઝડપથી પકડવાના પ્રયાસો ચાલુ છે અને આ કેસમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં સગા ભાઈએ મોટા ભાઈની હત્યા કરી

અમદાવાદ,તા.૦૩

અમદાવાદના ઠક્કર નગર વિસ્તારમાં ભાઈએ ભાઈની હત્યા કરી હોવાની ઘટના બની છે. નાના ભાઈ અને બહેન વચ્ચે ઝઘડો થયો હતો જેમાં નાના ભાઈએ પોતાની બહેનને હાથમાં છરી લઈ અને મારવા જવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે મોટો ભાઈ વચ્ચે પડ્યો હતો અને જેમને છોડાવવા જતા નાના ભાઈએ મોટાભાઈને છરી મારી દીધી હતી. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ભાઈનું ત્રીજી વખત સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

# અમદાવાદ એરપોર્ટ પર મહિલા પાસેથી ૯૪.૮ લાખનો ગાંજા ઝડપાયો

અમદાવાદ,તા.૩

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર નશીલા પદાર્થો સામે કસ્ટમ્સ વિભાગની કાર્યવાહી સતત યથાવત્ છે. તાજેતરમાં કસ્ટમ્સ અધિકારીઓએ બેંગકોકથી આવેલી એક મહિલા મુસાફરને ઝડપી પાડી તેની પાસેથી મોટી માત્રામાં નશીલો પદાર્થ જપ્ત કર્યો છે. કસ્ટમ્સ અધિકારીઓની તપાસ દરમિયાન મહિલા મુસાફરના સામાનમાંથી ચોકલેટ અને ખોરાકના કુલ ૯ પેકેટ શંકાસ્પદ રીતે મળી આવ્યા હતા. કુલ ૯ પેકેટમાંથી અંદાજે ૯૪૮ ગ્રામ હાઈડ્રોનિક ગાંજો મળ્યો હતો.જપ્ત કરાયેલા નશીલા પદાર્થની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૯૪.૮ લાખ આંકવામાં આવી છે.






### સુપ્રિમ કોર્ટનો આદેશ હોવા છતાં તંત્ર દ્વારા શ્વાનને લઈ કોઈ કાર્યવાહી નહી

# અમરેલી બાદ મોટા લીલીયામાં શ્વાનનો આતંક : ૬ લોકો અને ગૌવંશને બચકા ભર્યા

અમરેલી,તા.૦૩

સુપ્રીમ કોર્ટની વારંવાર ટકોર બાદ પણ રખડતાં શ્વાનોને કાબૂમાં લેવા ન તો તંત્ર તસ્દી લઈ રહ્યું છે ન તો સરકાર, સામાન્ય નાગરિકો રોજ બરોજ રખડતાં શ્વાનના આતંકનો ભોગ બની રહ્યા છે. આજે ૩ ફેબ્રુઆરીના રોજ અમરેલી જિલ્લાના મોટા લીલીયા ગામે શ્વાને ભયનો માહોલ ઊભો કર્યો છે. એક બાળક સહિત ૬ વ્યક્તિઓને બચકાં ભરી લેતા ઈજાગ્રસ્તો લીલીયા સિવિલમાં સારવાર અને રસી લેવા માટે મજબૂર બન્યા છે. મોટાલીલીયાના મફત પ્લોટ અને સાંઈનાથ પ્લોટ વિસ્તારમાં રખડતાં શ્વાન હાલ આતંક મચાવી રહ્યા છે. ૬ લોકો ઉપરાંત ૨ વાછરડી, ૫ ગાયો, ૧ પાડી સહિત ૮ પશુઓને પણ શ્વાન કરડી ગયું છે. અતિશય ત્રાસ હોવા છતાં હજુ પણ તંત્ર દ્વારા શ્વાન પકડવાની તસ્દી લેવાઈ નથી જે કારણે અન્ય લોકો પણ ભોગ બને તેવી શક્યતાઓ છે.



## લેશન ન લાવનાર વિદ્યાર્થિનીને લાફો મારવાના કેસમાં કોર્ટે શિક્ષિકાને ૩ વર્ષ અને ૩ મહિનાની સજા ફટકારી

ગાંધીનગર,તા.૩

આજથી પાંચ વર્ષ અગાઉ ગાંધીનગરના સેક્ટર-૨૮માં આવેલી એક ખાનગી શાળામાં બનેલી ગંભીર ઘટનાના મામલે ગાંધીનગર કોર્ટે મહત્વપૂર્ણ અને કડક ચુકાદો આપ્યો છે. લેશન ન લાવનાર વિદ્યાર્થિનીને શારીરિક રીતે માર મારવાના ગુનામાં આરોપી શિક્ષિકાને કોર્ટે ૩ વર્ષ અને ૩ મહિનાની સાદી જેલ તેમજ કુલ રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે. આ મામલો ગાંધીનગરના સેક્ટર-૨૮ સ્થિત બાશ્રી વસંતકુંવરબા સ્કૂલનો છે. જ્યાં વિજ્ઞાન વિષય ભણાવતી શિક્ષિકા પારુલબેન પટેલે ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની વિદ્યાર્થિનીએ લેશન પૂરું ન કર્યું હોવાના ગુસ્સામાં તેને ડાબા કાન પર ઉપરાછાપરી લાફા માર્યા હતા. આ હિંસક વર્તનના પરિણામે વિદ્યાર્થિનીના કાનનો પડદો ફાટી ગયો હતો અને તેની સાંભળવાની ક્ષમતાને ગંભીર અસર પહોંચી હતી.





